# દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,
## યુનિવર્સિટી કેમ્પસ ઉધના–મગદલ્લા રોડ,
## સુરત– ૭

**સિન્ડિકેટની સામાન્ય સભા**
તા ૨૫–૯–૨૦૦૩

**ખાનગી**
**ફકત સભ્યોની જાણ માટે**

## : કાર્યવાહી :

સિન્ડિકેટની સામાન્ય સભા ગુરુવાર, તા. ૨૫–૯–૨૦૦૩ના રોજ બપોરે ૧૨–૩૦ વાગ્યે યુનિવર્સિટી ના કમિટિરૂમમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

| | | |
|---|---|---|
| ૧ | શ્રી પ્રેમકુમાર શારદા. (કુલપતિશ્રી) | હાજર |
| ૨ | – ખાલી – (ઉપ–કુલપતિશ્રી) | –– |
| ૩ | ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪ | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫ | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬ | આચાર્ય ઘનશ્યામ પ્રસાદ છોટુભાઈ સનાઢય | હાજર |
| ૭ | આચાર્ય ડૉ.વિક્રમ બળવંતરાય દેસાઈ | હાજર |
| ૮ | ડૉ.કિશોરસિંહ વિજયસિંહ દેસાઈ | હાજર |
| ૯ | ડૉ.પંકજ કાન્તીલાલ હીરાધર | હાજર |
| ૧૦ | શ્રી હોશંગ જહાંગીરજી મીરઝા. | હાજર |
| ૧૧ | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા. | હાજર |
| ૧૨ | ડૉ.મહેન્દ્ર દોલતસિંહ ચૌહાણ | હાજર |
| ૧૩ | શ્રી નૈષધ ભૂપતભાઈ દેસાઈ. | હાજર |
| ૧૪ | શ્રી દિપક ઈશ્વરલાલ આફ્રિકાવાલા | હાજર |
| ૧૫ | શ્રી હર્ષદભાઈ પ્રભુદાસ શાહ | હાજર |

સભાનું કાર્ય શરૂ થાય તે પહેલાં નીચેનો શોક દર્શક ઠરાવ રજૂ કરવામાં આવ્યો હતો. જેને સભા ગૃહે ૨ મિનિટનું મૌન પાળી પસાર કર્યો હતો:

## <u>શોક દર્શક ઠરાવ</u>

<u>: J P0 MP HI gT 5F9So</u>

દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની આ સભા ગુજરાતી ભાષાના મૂર્ધન્ય કવિ–વિવેચક ડૉ.જયન્ત પાઠકના તા.૧–૯–૨૦૦૩ના રોજ થયેલ શોકજનક નિધન બદલ ઘેરા શોક અને આઘાતની લાગણી અનુભવે છે.

પંચમહાલ જિલ્લાના ગોઠ ગામે ૧૯૨૦ના ઓકટોબર મહિનામાં જન્મેલ ડૉ.જયન્ત હિંમતલાલ પાઠકે પાંચ દાયકા કરતાં વધારે સમયથી સૂરતને પોતાનું ઘર બનાવ્યું હતું. સૂરતની એમ.ટી.બી.આર્ટ્સ કોલેજમાં ગુજરાતીના અધ્યાપક તથા ગુજરાતી વિભાગના અધ્યક્ષ તરીકે તેમણે સુદીર્ઘ સેવાઓ આપી હતી. તેઓ આ યુનિવર્સિટીની પ્રથમ સેનેટના સભ્ય હતા. ગુજરાતી ભાષાના મૂર્ધન્ય કવિ તરીકે તેમની ઘણી મોટી નામના હતી. તેમની શૈશવ સ્મૃતિકથા 'વનાંચલ' થી તેમને અપાર કીર્તિ મળી હતી.

સાહિત્ય અકાદમી, સોવિયેટલેન્ડ–નેહરુ પારિતોષિક, 'રણજિતરામ ચંદ્રક', 'કુમાર ચંદ્રક', 'ઉમા સ્નેહરશ્મિ પારિતોષિક' , 'નર્મદ ચંદ્રક' વગેરે સમ્માનોથી તેઓ વિભૂષિત થયા હતા. છેવટે તેમને હાલમાં કવિતા ક્ષેત્રનો ગુજરાતનો સર્વોચ્ચ 'આદિ કવિ નરસિંહ મેહતા પુરસ્કાર' પ્રદાન કરવાની પણ ઘોષણા થઈ હતી. દિલ્હીની સાહિત્ય અકાદમીનો એવોર્ડ તેમને ૧૯૭૯માં મળ્યો તથા ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ ૧૯૯૦માં બન્યા હતા.

તેમના અકાળ અવસાનથી તેમના કુટુંબીજનો પર આવી પડેલી આપત્તિ સહન કરવાની પ્રભુ શકિત આપે તેમજ સ્વર્ગસ્થના પવિત્ર આત્માને ચિરશાંતિ આપે એવી આ સભા પ્રાર્થના કરે છે.

(૧) સિન્ડિકેટ તા.૧૪–૮–૨૦૦૩ની સામાન્ય સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

:: સિન્ડિકેટની તા.૧૪–૮–૨૦૦૩ની સામાન્ય સભાની કાર્યવાહીના ઠરાવ ક્રમાંક: ૨૦, ૨૩ અને ૪૭ માં 'આથી ઠરાવવામાં આવે છે કે', ને બદલે 'આથી બહુમતિએ ઠરાવવામાં આવે છે કે', એવા સુધારા સાથે મંજૂર કરવામાં આવી. અને અધ્યક્ષીએ સહી કરી હતી.

(૨) યુનિવર્સિટીમાં (૧) ડીન, કોલેજ ડેવલોપમેન્ટ કાઉન્સિલ (સી.ડી.સી.) (૨) નાયબ કુલસચિવ અને (૩) પ્લેસમેન્ટ ઓફિસર (ટી.બી.આઈ.એમ) જગાઓની આપવામાં આવેલ જાહેરાતના

સંદર્ભમાં પ્રવર્તમાન ઓર્ડિનન્સ–૩૭ અંતર્ગત પસંદગી સમિતિની રચના કરવા બહારના ત્રણ નિષ્ણાંતોની નિમણૂંક કરવા અંગે વિચારણાં કરવા બાબત. **(જનરલ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની વિચારણા મુલતવી રાખવી.

(૩) ગુજરાત વિદ્યાપીઠ યુનિવર્સિટીમાં નિરંતર શિક્ષણ અને વિસ્તરણ કાર્ય વિભાગને પ્રૌઢશિક્ષણ માટે મળેલી ૧૦ હજાર કીટ પૈકી ૫૦૦ કીટ વપરાશમાં લેવાયા બાદ બાકીની કીટો કોઈપણ અધિકાર મંડળ કે સક્ષમ અધિકારીની મંજૂરી લીધા વિના ડૉ.અનસૂયાબેન શેઠે તેને પસ્તીમાં કરેલ નિકાલ સંદભમાં તેની સામે ખાતાકીય તપાસ શરૂ કરવા સિન્ડિકેટે તા.૧૮–૫–૧૯૯૬ના ઠરાવ ક્રમાંક:૫ અન્વયે કુલપતિશ્રીને આપવામાં આવેલ સત્તાની રૂએ કુલપતિશ્રીએ નિમેલ તપાસસમિતિએ તા.૧૪–૩–૨૦૦૨નાં પત્રાંક:ઈકો/ખા.ત./૧૬૮૮/૦૨થી રિપોર્ટ સુપ્રત કરતા સદર રિપોર્ટ પર સિન્ડિકેટે તેની તા.૧૪–૬–૨૦૦૨ બાબત ક્રમાંક:૩૨થી પ્રસ્તુત બાબત અંગે નિર્ણય લેવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવતાં માનનીય કુલપતિશ્રીને તપાસ સમિતિએ કરેલ રિપોર્ટના સંદર્ભમાં વિચારણા કરવા રચવામાં આવેલ તપાસસમિતિએ તા.૪–૧–૨૦૦૩ના પત્રથી રજૂ કરેલ રિપોર્ટ પર વિચારણા કરવા બાબત. **(વહીવટી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની વિચારણા મુલતવી રાખવી.

(૪) યુનિવર્સિટીમાં કુલસચિવની જગા ભરવા માટે ઓર્ડિનન્સ–૩૭ હેઠળ રચવામાં આવેલ પસંદગી સમિતિની તા.૧૧–૭–૨૦૦૩ના રોજ મળેલસભાએ કરેલ ભલામણ સિન્ડિકેટની તા.૧૪–૮–૨૦૦૩ની સભામાં બાબત ક્રમાંક:(૪૭) હેઠળ વિચારવા માટે રજૂ કરતા સિન્ડિકેટનાં ઠરાવ્યાનુસાર આ જગા માટે પસંદગી સમિતિએ સ્વીકારેલ ડૉ. વિપીનભાઈ ડી.નાયકની લાયકાતની વિગતો સ્ક્રુટિની કમિટિના સભ્યો પાસે મંગાવી સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવાનું ઠરાવતા કુલસચિવની જગા માટે આવેલ ઉમેદવારોની અરજીઓમાંથી પાત્રતા નકકી કરવા માટે (૧) ડૉ.બી.આઈ.શેઠ તથા (૨) ડૉ.એસ.જી.શાહની રચાવામાં આવેલ સમિતિના સભ્યો પાસેથી સિન્ડિકેટનાં ઉપર ઠરાવ્યુનાસાર ડૉ.વિપીનભાઈ ડી.નાયકના કિસ્સામાં મેળવવામાં આવેલ રિપોર્ટ આ સાથે રજૂ કરવામાં આવેલ છે, જે અંગે વિચારણા કરવા બાબત. **(વહીવટી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની વિચારણા મુલતવી રાખવી.

(૫) યુનિવર્સિટી કાર્યાલયના નીચે દર્શાવેલ કર્મચારીઓને જે તે પદ પર એક વર્ષના અજમાયશી ધોરણે બઢતીની મુદ્દત તેમના નામ સામે દર્શાવેલ તારીખે પુરી થતી હોઈ તેઓને જે તે તારીખ થી કાયમ કરવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત. **(જનરલ)**

| VPG\ P | SD" RFZLVMGF GFD | CMNŸM | J QF" 5] Z] YI FGL TFZLB |
|---|---|---|---|
| ૧ | શ્રીમતી ડી.એસ.બદામી | સિ.કલાર્ક | ૧–૧૦–૨૦૦૩ |
| ૨. | શ્રી એમ.એમ.હકીમ | સિ.કલાર્ક | ૧–૧૦–૨૦૦૩ |
| ૩. | શ્રીમતી એન.એસ.દેસાઇ | હેડકલાર્ક | ૧–૧૦–૨૦૦૩ |
| ૪. | શ્રી કે.એન. નાણાવટી | કેશીયર | ૨–૧૦–૨૦૦૩ |

:: આથી ઠરાવવામાં આવે છે કે, અનુક્રમ ક્રમાંક: ૧ થી ૪ માં જણાવેલ તમામ કર્મચારીઓને જે તે તારીખથી નોકરીમાં કાયમ કરવા.

(૬) યુનિવર્સિટી કાર્યાલયના નીચે દર્શાવેલ બિન–શૈક્ષણિક કર્મચારીનો એક વર્ષનો અજમાયશી સમય તેમના નામ સામે દર્શાવેલ તારીખે પૂરો થતો હોઇ, તેઓશ્રીને જે તે તારીખે નોકરીમાં કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત. **(વહીવટી)**

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દાનું નામ | એક વર્ષના અજમાયશી સમય પૂર્ણ થવાની તારીખ |
|---|---|---|---|
| ૧. | શ્રી આર.એમ.બારોટ (હિસાબી વિભાગ) | ના.હિસાબનીશ | ૧૯–૯–૨૦૦૩ |
| ૨. | શ્રી બી.સી.દેસાઇ (શૈક્ષણિક વિભાગ) | કાર્યાલય અધિક્ષક | ૧૯–૯–૨૦૦૩ |
| ૩. | શ્રી બી.એન.વાઘેલા (ટાઈપિંગ વિભાગ) | કાર્યાલય અધિક્ષક | ૧૯–૯–૨૦૦૩ |
| ૪. | શ્રી સી.એ.પટેલ (કુલસચિવ કાર્યાલય) | પી.એ. ટુ રજીસ્ટ્રાર | ૧૪–૬–૨૦૦૩ |
| | (શ્રી પટેલને પ્રાશ્વાતવર્તી અસરથી તેઓની બઢતી નિયમિત કરવામાં આવી હોવાથી) | | |

:: આથી ઠરાવવામાં આવે છે કે, અનુક્રમ ક્રમાંક: ૧ થી ૪ માં જણાવેલ તમામ કર્મચારીઓને જે તે તારીખથી નોકરીમાં કાયમ કરવા.

(૭) યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓમાં વપરાયેલી ઉત્તરવહીઓના (ફકત માવો બનાવવા માટે) વેચાણ અર્થે દૈનિક વર્તમાનપત્રોમાં જાહેરાત આપી ટેન્ડરો મંગાવતા નિયત સમયમાં કુલ ૧૧ પાર્ટીઓના આવેલા ભાવોના તુલનાત્મક પત્રક પર વિચારણા કરવા બાબત. (વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓમાં વપરાયેલી ઉત્તરવાહીઓના (ફ્કત માવો બનાવવા માટે) ના મળેલ ટેન્ડરો પૈકી સૌથી વધારે ભાવ ભરનાર પાર્ટી શ્રી વિનાયક એન્ટર પ્રાઈઝર મુંબઈનું નીચે જણાવ્યા પ્રમાણેનું ટેન્ડર સ્વીકારવું.

| S\| D | I JUT | zL I JGFI S V[ g8Z5\| F. h D] \ A. |
|---|---|---|
| ૧ | ૨ | ૩<br>રૂા. પૈસા |
| (૧) | યુનિ. તરફથી લેવાયેલી વિવિધ પરીક્ષાઓમાં વપરાયેલી ઉત્તરવાહીઓ (ફ્કત માવો બનાવવા માટે) એક કિવન્ટલ (૧૦૦કિલો)ના ભાવ | ૧૧૭૧–૦૦ |
| (૨) | બિન–જરૂરી પસ્તર જુના છાપેલા પ્રશ્નપત્રો તેની થેલીઓ સહિત (ફ્કત માવો બનાવવા માટે) એક કિવન્ટલ (૧૦૦ કિલો) ના ભાવ | ૬૮૪–૦૦ |

(૮) યુનિવર્સિટી સંલગ્ન સી.બી.પટેલ કોમ્પ્યુટર કોલેજ, ભરથાણામાં બી.સી.એ.ના સ્વનિર્ભર અભ્યાસક્રમમાં પાંચમા સેમેસ્ટરમાં ફ્કત–૪ વિદ્યાર્થીઓની સંખ્યા છે, અન્ય કોલેજમાં જવા માટે યુનિવર્સિટીની અનુમતી ( N.O.C. ) માંગી છે તથા આ વિદ્યાર્થીઓ બીજી અન્ય કોલેજમાં પ્રવેશ મેળવે તો ચાલુ શૈક્ષણિક વર્ષની એફિલિયેશન ફી માંથી મુકિત આપવા તેમના તા: ૯–૭–૨૦૦૩ના પત્રથી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત. (સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન સી.બી.પટેલ કોમ્પ્યુટર કોલેજ, ભરથાણાને બી.સી.એ.ના સ્વનિર્ભર અભ્યાસક્રમમાં પાંચમા સેમેસ્ટરના વિદ્યાર્થીઓને અન્ય કોલેજમાં ટ્રાન્સફર કરવાનો અધિકાર કોલેજને છે.

વધુમાં, ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત કોલેજને એફિલિયેશન ફી માંથી મુકિત આપવી નહી.

(૯) સાઉથ ગુજરાત એજ્યુકેશન ટ્રસ્ટ, નવસારી ધ્વારા સંચાલિત સાઉથ ગુજરાત ઈન્સ્ટિટયૂટ ઓફ મેડિકલ સાયન્સીસને શૈક્ષણિક વર્ષ: ૨૦૦૩–૨૦૦૪થી ડી.એમ.એલ.ટી. (પી.જી.) ની માન્યતા મેળવવા માટે પ્રસ્તુત ટ્રસ્ટના નિયામકશ્રીએ તેમના તા: ૨૯–૭–૨૦૦૩ થી કરેલ અરજી ઉપર વિચારણા કરવા બાબત. (સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત ઈન્સ્ટિટ્યૂટની સ્થાનિક તપાસસમિતિ પર નીચેના સભ્યોની નિમણૂક કરવી:

(૧) ડૉ.મહેન્દ્ર ચૌહાણ (કન્વીનર)
(૨) ડૉ. મીનુ પરબીયા
(૩) ડૉ.એ.એન. પંડ્યા, સુરત

(૧૦) દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના આશ્રયે વેસ્ટઝોનની યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓની આગામી તા: ૧૬ અને ૧૭મી ઓકટોબર, ૨૦૦૩ ના રોજ યોજાનારી પરિષદના અંદાજીત ખર્ચ તથા આવક અંગે કુલપતિશ્રીએ નીમેલ સમિતિએ તૈયાર કરેલ બજેટ પર વિચારણા કરી તેને બહાલી આપવા બાબત. (યુજીસી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના આશ્રયેવેસ્ટઝોનની યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓની આગામી તા: ૧૬ અને ૧૭મી ઓકટોબર, ૨૦૦૩ ના રોજ યોજાનારી પરિષદના અંદાજીત ખર્ચ તથા આવક અંગે કુલપતિશ્રીએ નીમેલ સમિતિએ તૈયાર કરેલ સામેલ પરિશિષ્ટ મુજબનું બજેટ મંજૂર કરવું.

(પરિશિષ્ટ: 'ક')

(૧૧) વેસ્ટઝોન યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓની ૨૦૦૩ માં મળનાર કોન્ફરન્સ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના આશ્રયે યોજવા માટે એસોસિયેશન ઓફ ઈન્ડિયન યુનિવર્સિટી, નવી દિલ્હીના સેક્રેટરી જનરલના પત્રાંક: મીટ/ડબલ્યુ/ઝેડ/એમ/૦૩/૭૫૭૬, તા: ૨૧–૭–૦૩થી મળેલ વિનંતીપત્ર સાભાર સ્વીકાર્યાના કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત. (યુજીસી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, કુલપતિશ્રીના ઉપરોકત પગલાંની નોંધ લેવી.

(૧૨) યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યો તરફથી યુનિવર્સિટી કાર્યાલયને છ માસ કે તેથી વધુ સમય થયો હોવા છતાં અહેવાલ ન મળવાના કારણે કુલપતિશ્રીએ રદ કરેલ સ્થાનિક તપાસસમિતિ અંગેના કુલપતિશ્રીના પગલાંની જાણ થવા બાબત. (સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, કુલપતિશ્રીના ઉપરોકત પગલાંની જાણ લેવી.

(૧૩) યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યો તરફથી યુનિવર્સિટી કાર્યાલયને છ માસ કે તેથી

વધુ સમય બાદ અહેવાલ ન મળવાના કારણે રદ કરેલ સ્થાનિક તપાસસમિતિ સભ્યોના બદલે નવા સભ્યોની નિયુકિત કરવા અંગે વિચારણા કરવા બાબત. (સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતમાં રદ કરેલ સ્થાનિક તપાસસમિતિઓની યાદી ઝોન પ્રમાણે બનાવવી અને આગામી સિન્ડિકેટમાં બાબત રજૂ કરવી.

(૧૪) યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યો તરફથી હજી સુધી સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ યુનિવર્સિટી કાર્યાલયને મળ્યો નથી, તે અંગે વિચારણા કરવા બાબત. (સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સંલગ્ન કોલેજોમાં જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યો તરફથી અહેવાલ મળ્યો નથી તેઓને ૧૫ દિવસની મુદ્દતમાં અહેવાલ આપવાનું જણાવવું અને નિયત મુદ્દતમાં અહેવાલ ન મળે તો તેવી સ્થાનિક તપાસસમિતિઓ રદ કરી નવી સ્થાનિક તપાસસમિતિ નિમવા કાર્યવાહી કરવી.

(૧૫) સ્વામી વિવેકાનંદ ઈન્સ્ટિટયૂટ ઓફ મેડિકલ સાયન્સીસ એન્ડ રીસર્ચ, વાલિયાનું શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪થી ચાલુ/વધારાનું જોડાણ મેળવવા પ્રસ્તુત કોલેજના વહીવટી અધિકારીશ્રીએ તેમના તા: ૧૮–૭–૨૦૦૩ના પત્ર સાથે યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત. (સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત કોલેજની સ્થાનિક તપાસસમિતિ પર નીચેના સભ્યોની નિમણૂક કરવી:

(૧) શ્રી દિપકભાઈ આફ્રિકાવાલ
(૨) પ્રા.જયેશભાઈ દેશકર
(૩) ડો.પી.કે.પટેલ

(૧૬) સિન્ડિકેટ સભ્યશ્રી આચાર્ય ડો.વિક્રમ દેસાઈએ તેમના તા.૨૪–૭–૦૩ના પત્રાંક:એસ/૧૫/૨૦૦૩–૨૦૦૪ થી કોલેજ ડેવલપમેન્ટ ફી અંગે નીતિ નકકી કરવા પ્રસ્તુત પત્રથી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત. (સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, આ.ડો.વિક્રમ દેસાઈનો તા.૨૪–૭–૨૦૦૩નો પત્ર સામેલ પરિશિષ્ટ–'ખ' મુજબનો સ્વીકારવો અને તદ્ અનુસાર આગળની જરૂરી કાર્યવાહી કાર્યાલયે કરવી.

(પરિશિષ્ટ: 'ખ')

(૧૭) શ્રી જે.એસ.ભકતા એન્ડ શ્રી કે.એમ.ભકતા આર્ટસ એન્ડ શ્રી એ.એન.શાહ સાયન્સ એન્ડ શ્રી એન.એફ.શાહ કોમર્સ કોલેજમાં જૂન, ૨૦૦૪ થી વિજ્ઞાન વિદ્યાશાખામાં સ્વનિર્ભર માઈક્રોબાયોલોજી મુખ્ય વિષયનું ચાલુ જોડાણ કાયમી ધોરણે મેળવવા માટે પ્રસ્તુત કોલેજનાં આચાર્યશ્રીએ તેમના તા.૨૬–૭–૨૦૦૩નાં પત્રાંક:૫૦/૨૦૦૩–૦૪ સાથે યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત. (સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, કોલેજની સ્થાનિક તપાસસમિતિ પરી નીચેના સભ્યોની નિમણૂક કરવી:

(૧) ડો.પી.કે. હિરાધર (કન્વીનર)

(૨) ડો.એસ.વી.દરજી

(૩) ડો.પિયુષ દેસાઈ

(૧૮) સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, સુરત સંચાલિત શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન, સુરતને "એપ્રુવ્ડ ઈન્સ્ટિટયૂટ" તરીકે માન્યતા મેળવવા પ્રસ્તુત સોસાયટીના મંત્રીશ્રીએ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ તા.૨૪–૬–૨૦૦૩નાં પત્રાંક:૭૬૮ ઉપર વિચારણા કરવા બાબત. (સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઈન્સ્ટિટયૂટની સ્થાનિક તપાસસમિતિ પર નીચેના સભ્યોની નિમણૂક કરવી:

(૧) શ્રી હર્ષદભાઈ શાહ (કન્વીનર)

(૨) ડો. અશ્વિન દેસાઈ

(૩) ડો. રાજેન્દ્ર નાણાવટી. હેડ, ડિપાર્ટમેન્ટ ઓફ સંસ્કૃત, એમ.એસ.યુનિવર્સિટી, વડોદરા

(૧૯) સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, સુરત સંચાલિત શ્રી રામકૃષ્ણ ચેરિટેબલ ટ્રસ્ટ સાર્વજનિક ઈન્સ્ટિટયૂટ ઓફ કોમ્પ્યુટર એજ્યુકેશનને શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૨૦૦૩ થી એફ.વાય.બીએસસી. માઈક્રોબાયોલોજીના સ્વનિર્ભર અભ્યાસક્રમનો એક વર્ગ શરૂ કરવાની યુનિવર્સિટી કાર્યાલયે એક વર્ષ માટે રાજ્ય સરકારને ભલામણ કરી છે, ત્યાર બાદ પ્રસ્તુત સોસાયટીના મંત્રીશ્રી અને

માનદ નિયામકશ્રીએ તેમના તા.૧૫–૭–૨૦૦૩ના પત્રાંક:૯૫૯/૨૦૦૩–૨૦૦૪થી સ્વનિર્ભર બી.એસસી. માઈક્રોબાયોલોજીનો એફ.વાય.બીએસસી. નો વધારાનો એક વર્ગ શૈક્ષણિક વર્ષ ૨૦૦૪થી શરૂ કરવાની સત્વરે મંજૂરી આપવા કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સાર્વજનિક ઈન્સ્ટિટયૂટ ઓફ કોમ્પ્યુટરના નિયામકશ્રી તરફથી તેમના તા.૧૫–૭–૨૦૦૩ના પત્રથી સ્વનિર્ભર બી.એસસી. માઈક્રોબાયોલોજીનો એફ.વાય.બી.એસસીનો વધારાનો એક વર્ગ શૈક્ષણિક વર્ષ ૨૦૦૪થી શરૂ કરવાની માંગણી સ્વીકારવી નહી.

(૨૦) સુરત મહાનગરપાલિકા સંચાલિત સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટિટયૂટ ઓફ મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ(સ્મીમેર), સુરતનું શૈક્ષણિક વર્ષ : ૨૦૦૪–૨૦૦૫થી ચાલુ/વધારાનું જોડાણ મેળવવા પ્રસ્તુત કોલેજના ડીનશ્રીએ તેમના તા.૧૫–૯–૨૦૦૩ના પત્રાંક:સ્મીમેર/૧૮૧૩/૨૦૦૩ સાથે યુનિવર્સિટીને મોકલેલ જોડાણ અરજી ઉપર વિચારણા કરવા બાબત. (સિન્ડિકેટ)

:: આથી બહુમતિએ ઠરાવવામાં આવે છે કે, કોલેજની સ્થાનિક તપાસસમિતિ પર નીચેના સભ્યોની નિમણૂક કરવી:

| | | | |
|---|---|---|---|
| (૧) | ડૉ.મહેન્દ્ર ચૌહાણ (કન્વીનર) | (૨) | ડૉ. વિક્રમ દેસાઈ |
| (૩) | ડૉ. બાજપાઈ | (૪) | ડૉ.નિમેશ વર્મા |

(૨૧) ૨૦૦૧–૨૦૦૨ના વર્ષનો યુનિવર્સિટીનો ૩૬મો વાર્ષિક અહેવાલ સેનેટની તા.૩૦–૩–૨૦૦૩ના રોજ મળેલ સેનેટની વાર્ષિક સભામાં, ચર્ચા–વિચારણાને અંતે સર્વાનુમતે મજૂર કરવામાં આવ્યો હોઈ, યુનિવર્સિટી ધારાની કલમ–૫૧ અન્વયે, પ્રસ્તુત વાર્ષિક અહેવાલને આખરી મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત. (સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની વિચારણા મુલતવી રાખવી.

(૨૨) સેનેટ તેની તા.૩૦–૩–૨૦૦૩ના રોજ મળેલ વાર્ષિક સભામાં સને ૨૦૦૨–૨૦૦૩ નું સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૦૩–૨૦૦૪ના અંદાજપત્રની સર્વાનુમતે નોંધ લીધી હોવાથી યુનિવર્સિટી ધારાની કલમ–૫૦ મુજબ અંદાજપત્રને હવે આખરી મંજૂરી આપવા વિચારણા કરવા બાબત.

**(હિસાબી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની વિચારણા મુલતવી રાખવી.

(૨૩) સ્ટેટયુટ–૧૩૪(a)(6) ની જોગવાઈ અન્વયે સિન્ડિકેટ સભ્યો પૈકી એક સભ્યની અનુસ્નાતક શિક્ષણ મંડળ (BUT) પર નિયુકિત કરવા અંગે વિચારણા કરવા બાબત. **(અનુસ્નાતક)**

સ્ટેચ્યુટ 134(a)(6):–

"One member nominated by the Syndicate from among its members"

:: આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટેટ્યૂટ–૧૩૪(a)(6) ની જોગવાઈ અન્વયે, સિન્ડિકેટ સભ્ય શ્રી હર્ષદભાઈ શાહની અનુસ્નાતક શિક્ષણ મંડળ (BUT) પર નિમણૂક કરવી.

(૨૪) સ્ટેટ્યુટ–૧૩૪(a)(7) ની જોગવાઈ અન્વયે બે પ્રોફેસર ઈનચાર્જની અનુસ્નાતક શિક્ષણ મંડળ (BUT) પર નિયુક્તિ કરવા અંગે વિચારણા કરવા બાબત. **(અનુસ્નાતક)**

સ્ટેચ્યુટ 134(a)(7):–

"Two Professors in charge of Post – Graduate Centers, nominated by the Syndicate"

:: આથી ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક કેન્દ્ર અને તેના ઈનચાર્જ પ્રોફેસરની યાદી સાથે પ્રસ્તુત બાબત આગામી સિન્ડિકેટમાં રજૂ કરવી.

(૨૫) એપ્રિલ ૨૦૦૨માં થવા કેન્દ્રમાં લેવાયેલ ટી.વાય.બી.આર.એસ.ની પરીક્ષામાં માસકોપીંગ (Mass Copying) અંગેના રિપોર્ટમાં પરીક્ષા આચાર સમિતિએ તેની તા.૨૬–૩–૨૦૦૩ ની સભામાં થવા કોલેજ ના પ્રા.રાઠવા પાસે પ્રસ્તુત બાબતમાં ખુલાસો મંગાવી સિન્ડિકેટમાં મુકવા ઠરાવેલ છે. પ્રા.રાઠવાનાં તા.૨૭–૫–૨૦૦૩ નાં પત્રથી મોકલેલ ખુલાસા અંગે વિચારણા કરવા બાબત. **(પરીક્ષા)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત બાબતની વિચારણા મુલતવી રાખવી.

(૨૬) પરીક્ષા આચાર સમિતિની તા.૨૩–૭–૨૦૦૩ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત. **(પરીક્ષા)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત બાબતની વિચારણા મુલતવી રાખવી.

(૨૭) પરીક્ષા આચાર સમિતિની તા.૨૯–૭–૨૦૦૩ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત. **(પરીક્ષા)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત બાબતની વિચારણા મુલતવી રાખવી.

(૨૮) પરીક્ષા આચાર સમિતિની તા.૧૩–૮–૨૦૦૩ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત. **(પરીક્ષા)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત બાબતની વિચારણા મુલતવી રાખવી.

(૨૯) યુનિવર્સિટીના Conferment of Degrees ને લગતા સ્ટેચ્યુટ ૨૨, ૨૨૬, ૨૨૮ ને ધ્યાનમાં લઈ યુનિવર્સિટીના પદવી પ્રમાણપત્ર પર પડતી વહીવટી મુશ્કેલીઓને ધ્યાનમાં લઈ કુલપતિશ્રીની સહી કરી પદવીધારકોને પદવી આપવા અંગે વિચારણા કરવા કાર્યાલયે તૈયાર કરેલ નોંધ પર વિચારણા કરવા બાબત. **(પરીક્ષા)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત બાબતે કાર્યાલય કરેલી વિનંતી સ્વીકારવી નહી અને હાલની પ્રથા ચાલુ રાખવી.

(૩૦) પરીક્ષા આચાર સમિતિની તા.૨–૯–૨૦૦૩ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત. **(પરીક્ષા)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત બાબતની વિચારણા મુલતવી રાખવી.

(૩૧) બી.બી.એ. અભ્યાસક્રમ ચલાવતી સંલગ્ન કોલેજો માટેની નીચે પ્રમાણેની સૂચિત સત્ર વ્યવસ્થા સિન્ડિકેટ વતી મંજૂર કરવાના કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત. **(એકેડેમિક)**

**TENTATIVE ACADEMIC CALENDER FOR BBA PROGRAMME**

**OF THE ACADEMIC YEAR 2003-2004**

| Sr. No. | Particulars | Semester | |
|---|---|---|---|
| | | First, Third & Fifth | Second, Fourth & Sixth |
| 1 | REGISTRATION & ORIENTATION | 2-7-2002 | 01-12-2003 |
| 2 | COMMENCEMENT OF CLASSES | 2-7-2002 | 01-12-2003 |
| 3 | FIRST INTERNAL TEST | 22-8-2003 TO 23-8-2003 | 16-1-2004 TO 17-1-2004 |
| 4 | SECOND INTERNAL TEST | 10-10-2003 TO 11-10-2003 | 12-3-2001 TO 13-3-2004 |
| 5 | DIWALIVACATION | 20-10-2003 TO 9-11-2003 As Per Uni. Schedual | ---- |
| 6 | EXAM FOR ATET STUDENTS | 12-11-2003 TO 15-11-2003 | 26-4-2004 TO 29-4-2004 |
| 7 | SEMESTER END EXAMINATION | 17-11-2003 TO 20-11-2003 | 19-4-2004 TO 22-4-2004 |
| 8 | STARTING OF THE NEW SEMESTER | 21-11-2003 & As Per Iteam - 10 | 28-6-2004 |
| 9 | SEMESTER BREAK | 15-12-2003 TO 27-12-2003 | 23-4-2004 TO 27-6-2004 |
| 10 | NEW SEMESTER CONTINUE | 29-12-2003 | 28-6-2004 |
| 11 | SUMMER VACATION | ----- | 10-5-2004 TO 27-6-2004 |

:: આથી ઠરાવવામાં આવે છે કે, કુલપતિશ્રીના ઉપરોક્ત પગલાંની નોંધ લેવી.

(૩૨) રમત–ગમતમાં વિશિષ્ટ સિધ્ધિ અને યોગ્યતા ધરાવતા સ્નાતક ખેલાડીઓને અનુસ્નાતક, સ્નાતકોત્તર વિગેરે વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ આપવા સ્પોર્ટસ ક્વોટાની સીટ ફાળવવા અંગે વિચારણા કરવા મળેલી સભાના ઠરાવ અંગે વિચારણા કરવા બાબત. (યુવક કલ્યાણ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબત દફતરે કરવી.

(૩૩) બોર્ડ ઓફ સ્પોર્ટસ ફિઝીકલ એજ્યુકેશન અને રિક્રીએશનની તા.૩૦–૬–૨૦૦૩ના રોજ મળેલી સભાની કાર્યવાહીની ભલામણ નં. ૩, ૪, ૬, ૭ ઉપર વિચારણા કરવા બાબત. **(યુવક કલ્યાણ)**

:: ઉપરોકત બાબત વિચારણામાંથી પાછી ખેંચી લેવામાં આવી.

(૩૪) અંગ્રેજી વિભાગમાં નવી કોમ્પ્યુટર લેબ. બનાવવા અંગે અંગ્રેજી વિભાગનાં વડાએ તેમના પત્ર નં.: અંગ્રેજી/૩૯૪૦/૨૦૦૩ તા.૮–૮–૨૦૦૩ નાં રોજ તેમજ તેમના પત્ર ક્રમાંક:અંગ્રેજી/કોમ્પ્યુટર લેબ/૪૪૪૫/૨૦૦૩ તા.૩–૯–૨૦૦૩ અન્વયે કોમ્પ્યુટર લેબ અંગે થનાર સંભવિત ખર્ચ આશરે રૂા.૭,૦૦,૦૦૦/– (સાત લાખ) થનાર છે જે અંગે વિચારણા કરવા બાબત. **(અંગ્રજી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, અંગ્રેજી વિભાગમાં કોમ્પ્યુટર લેબ બનાવવા અંગે મળનાર અનુદાન મુજબ ખર્ચ કરવો. પ્રસ્તુત કામ માટે વધારાના ખર્ચની વ્યવસ્થા વિભાગે કરવાની રહેશે.

(૩૫) બાયોસાયન્સ વિભાગ માટે Nikon Microscope – Japan થી Japnese Yen 1499390 (અંદાજીત કિંમત છ લાખ રૂપિયા) ની કિંમતે ભારતીય એજન્ટ Towa optics (India) Pvt. Ltd., Mumbai મારફત ઈમ્પોર્ટ કરવા વિચારણા કરવા બાબત. **(હિસાબી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, બાયોસાયન્સ વિભાગ માટે Nikon Microscope – Japan થી Japnese Yen 1499390 (અંદાજીત કિંમત છ લાખ રૂપિયા) ની કિંમતે Towa optics (India) Pvt. Ltd., Mumbai મારફત ઈમ્પોર્ટ કરવું. આ માટેનો કસ્ટમ કલીયરન્સ ચાર્જીસ અલગ રહેશે.

વધુમાં, ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત ખર્ચ UNESCO પ્રોજેકટ (ડૉ.પી.કે.ગઢિયા) માંથી કરવાનો રહેશે.

(૩૬) કેમ્પસ ખાતેના વહીવટી મકાન પાસે પ્લાઝા અને પાર્કિંગ એરિયા બનાવવા અંગે વિચારણા કરવા બાબત. (બાંધકામ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની વિચારણા મુલતવી રાખવી.

(૩૭) દશમી પંચવર્ષીય યોજના અંતગર્ત રસાયણશાસ્ત્ર વિભાગ ધ્વારા “ઈન્ડસ્ટ્રીયલ કેમસ્ટ્રી" ના નવો કોર્સ શરૂ કરવા તથા તે માટે એક રીડર અને એક વ્યાખ્યાતાની જગા મંજૂર કરી પાંચ વર્ષ સુધી વિશ્વવિદ્યાલય અનુદાન આયોગે અનુદાન આપવાની મંજૂરી આપી છે.

પ્રસ્તત કોર્સમાં અધ્યાપકોની નિમણૂક કરવામાં આવે અને પાંચ વર્ષ પછી રાજય સરકાર અધ્યાપકોના પગાર–ભથ્થાની નાણાકીય જવાબદારી ન સ્વીકારે તો તેઓના પગાર–ભથ્થા ચૂકવણી કયા ફંડ માંથી કરવા અંગેના રસાયણશાસ્ત્ર વિભાગના વડાના તા.૪–૮–૨૦૦૩ના પત્રાંક:રસા/ઈન્ડ.કેમ/૩૮૩૫ પર વિચારણા કરવા બાબત. **(યુજીસી)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, રસાયણ વિભાગ ધ્વારા શરૂ થનાર "ઈન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી" ના કોર્સ માટે એક રીડર અને એક વ્યાખ્યાતાની યુજીસી ના ધારા–ધોરણ મુજબ પાંચ વર્ષના કોન્ટ્રાકટ પર જાહેરાત આપી નિમણૂક કરવી. અને જાહેરાતમાં યુજીસીની શરતો જણાવવી.**

(૩૮) **શ્રી દુલર્ભ રામજી ભાણા કોમર્સ કોલેજ, નવનિર્માણ શૈક્ષણિક સંકુલ, ભરથાણા ( વેસુ ) નું શૈક્ષણિક વર્ષ ૨૦૦૩ – ૨૦૦૪ થી ચાલુ** / વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૫–૦૯–૦૩ ની સભાના ઠરાવ નં. ૨ અન્વયે કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત. (એકેડેમિક)

**<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૧૫–૦૯–૦૩ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૨</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી દુલર્ભ રામજી ભાણા કોમર્સ કોલેજ, નવનિર્માણ શૈક્ષણિક સંકુલ, ભરથાણા ( વેસુ ) નું શૈક્ષણિક વર્ષ ૨૦૦૩ – ૨૦૦૪ થી ચાલુ / વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલમાં જણાવ્યા પ્રમાણે નીચેની શરતોને આધિન શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ ના વર્ષ માટે ૧ વર્ષનું ચાલુ / વધારાનું જોડાણ આપવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

<u>શરતો</u> :–

(૧) કોલેજના આચાર્યશ્રી માટે જરૂરી જાહેરખબર આપી તાત્કાલિક નિમણૂંક કરવી. હવે પૂર્ણ કક્ષાની કોલેજ આગામી વર્ષે થશે જેથી આચાર્યના નેતૃત્વથી કોલેજ સંચાલન સરળ અને અનિવાર્ય બનશે.

(૨) આગામી વર્ષથી ટી.વાય. બી.કોમ. ના વર્ગ શરૂ થશે, જેથી તે ધ્યાનમાં લઈ વધેલા કાર્યભાર મુજબ ટીચીંગ સ્ટાફની નિમણૂક કાયમી ધોરણે કરવાની રહેશે.

(૩) મહેકમ મુજબ વહીવટી સ્ટાફમાં એક સિનિયર કલાર્ક કમ એકાઉન્ટટ, બે જુનિયર કલાર્ક કમ કોમ્પ્યુટર ઓપરેટર તથા ચાર પટાવાળા અને એક ચોકીદારની નિમણૂક કરવાની રહેશે.

(૪) ટીચીંગ સ્ટાફ અને વહીવટી કર્મચારીની ‘‘ સેવાપોથી ’’ (Service Book) તૈયાર કરી તેમાં નિયમિત જરૂરી નોંધ દર વર્ષે કરવામાં આવે.

(૫) ગ્રંથાલયમાં દરેક વિષયના પુસ્તકોની યોગ્ય જોગવાઈ કરી કુલ રૂા. ૨૦,૦૦૦/– ના પુસ્તકોની ખરીદી કરવામાં આવે તથા વાણિજ્ય વિષય અને એકાઉન્ટસી વિષયને લગતા મેગેઝીનો મંગાવવામાં આવે તથા અંગ્રેજી રેફરન્સ બુકોની ખરીદી કરવામાં આવે, સંસ્થાએ પુસ્તકાલય સમૃધ્ધ બને તે માટે વિવિધ વિષયોની રેફરન્સ બુકોની તથા જનરલ ઈન્ટરેસ્ટના પુસ્તકોની ખરીદી કરવામાં આવે તે આવશ્યક છે.

(૬) હાલમાં નિમાયેલ વહીવટી તથા શૈક્ષણિક સ્ટાફની વહીવટી મંજુરી યુનિવર્સિટી કાર્યાલય પાસેથી તાકીદે મેળવી લેવી.

(૭) યુનિવર્સિટી તથા સરકારના નિયમ મુજબ લાયબ્રેરીયનની નિમણૂક કરી દેવી. હાલમાં જે આસિ. લાયબ્રેરીયનની નિમણૂક થઈ છે. તેના સ્થાને નિયમ મુજબ લાયબ્રેરીયનની નિમણૂંક કરી યુનિવર્સિટીની વહીવટી મંજૂરી મેળવી લેવી.

(૮) ટીચીંગ સ્ટાફ તથા વહીવટી કર્મચારીને સરકાર તથા યુ.જી.સી. ના નિયમ મુજબના પગાર ધોરણ મુજબનો પગાર ચેકથી કરવાનો રહેશે તથા યુ.જી.સી. અને સરકારશ્રીનાં નિયમ મુજબ પ્રોવિડન્ડ ફંડની કપાત કરી મેનેજમેન્ટ તરફથી તેમના હિસ્સાની અલગ અલગ રકમ જમા કરાવી તે રકમ અલગ પી.એફ. એકાઉન્ટસમાં જમા કરાવી તેનું નિયમ મુજબ રોકાણ કરવાનું રહેશે.

(૯) આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૦૪ ના વર્ષથી ટી.વાય. બી.કોમ. નું નવું ડીવીઝન શરૂ કરવા તથા યુનિવર્સિટીના ઓર્ડિનન્સ ૯૯–એ અને ૯૯–બી નું ચુસ્તપણે અમલ કરવામાં આવે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલે મૂકેલી ઉપરોકત તમામ શરતોનું યથાર્થ પરિપાલન કરે તે શરતે દુર્લભ રામજી ભાણા કોમર્સ કોલેજને શૈક્ષણિક વર્ષ

૨૦૦૩–૨૦૦૪ના વર્ષ માટે એટલે કે એક વર્ષનું ચાલુ /વધારાનું જોડાણ આપવા રાજ્ય સરકારને ભલામણ કરવી.

(૩૯) વલસાડની બી.કે.એમ. સાયન્સ કોલેજમાં સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી. (કોમ્પ્યુટર સાયન્સ) નું શૈક્ષણિક વર્ષ ૨૦૦૩ – ૨૦૦૪ થી ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિનાં અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૫–૦૯–૦૩ ની સભાના ઠરાવ નં. ૩ અન્વયે, કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત. (એકેડેમિક)

**<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૧૫–૦૯–૦૩ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૩</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, વલસાડની બી.કે.એમ. સાયન્સ કોલેજમાં સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી. ( કોમ્પ્યુટર સાયન્સ ) નું શૈક્ષણિક વર્ષ ૨૦૦૩ – ૨૦૦૪ થી ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિનાં અહેવાલમાં જણાવ્યા પ્રમાણે નીચેની શરતોને આધિન શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ ના વર્ષ માટે ૧ વર્ષનું ચાલુ જોડાણ આપવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

<u>શરતો</u> :–

(૧) આ કોલેજ માટે નિયમાનુસાર ડાયરેકટરશ્રીની નિમણૂક કરવામાં આવે.

(૨) કાર્યભાર અનુસાર જરૂરી શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓની તાત્કાલિક નિમણૂક કરી ડિસેમ્બર ૨૦૦૩ સુધીમાં યુનિવર્સિટીને જાણ કરવામાં આવે.

(૩) અભ્યાસક્રમને અનુલક્ષીને જરૂરી સોફ્ટવેર ખરીદ કરવામાં આવે.

(૪) ગ્રંથાલયમાં રૂા. ૩૦,૦૦૦/– ના પુસ્તકો તથા સામાયિકોની જોગવાઈ કરવામાં આવે.

(૫) યુનિવર્સિટી તથા રાજ્ય સરકારના ધારાધોરણોનું યર્થાથ પાલન કરવાની બાંહેધરી આપવામાં આવે.

(૬) સદરહુ કોર્ષના સંચાલનમાંથી જો આવક વધારો થાય તો તે આ કોર્ષના વિકાસ માટે જ વાપરવામાં આવશે તેવી બાંહેધરી સંચાલકમંડળ તરફથી આપવામાં આવે.

(૭) જો સંચાલનમાં ખોટ જાય તો તે ભરપાઈ કરવાની બાંહેધરી સંચાલકમંડળ તરફથી આપવામાં આવે.

(૮) યુનિવર્સિટીના ઓર્ડિનન્સ૬૯–એ અને ૬૯–બી નું ચુસ્તપણે અમલ કરવામાં આવે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલે મૂકેલી ઉપરોકત તમામ શરતોનું યથાર્થ પરિપાલન કરે તે શરતે વલસાડની બી.કે.એમ. સાયન્સ કોલેજમાં બી.એસસી.(કોમ્પ્યુટર સાયન્સના સ્વનિર્ભર અભ્યાસક્રમનું શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ ના વર્ષ માટે એટલે કે, એક વર્ષનું ચાલુ જોડાણ આપવા રાજ્ય સરકારને ભલામણ કરવી.

(૪૦) વલસાડની બી.કે.એમ. સાયન્સ કોલેજમાં સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.સી.એ. નું શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિનાં અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૫–૦૯–૦૩ ની સભાના ઠરાવ નં. ૪ અન્વયે, કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત. (એકેડેમિક)

**<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૧૫–૦૯–૦૩ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૪</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, વલસાડની બી.કે.એમ. સાયન્સ કોલેજમાં સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.સી.એ. નું શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિનાં અહેવાલમાં જણાવ્યા પ્રમાણે નીચેની શરતોને આધિન શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ ના વર્ષ માટે ૧ વર્ષનું ચાલુ જોડાણ આપવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

<u>શરતો</u> :–

(૧) આ કોલેજ માટે નિયમાનુસાર ડાયરેકટશ્રીની નિમણૂક કરવામાં આવે.

(૨) કાર્યભાર અનુસાર જરૂરી શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓની તાત્કાલિક નિમણૂક કરી ડિસેમ્બર ૨૦૦૩ સુધીમાં યુનિવર્સિટીને જાણ કરવામાં આવે.

(૩) અભ્યાસક્રમને અનુલક્ષીને જરૂરી સોફ્ટવેર ખરીદ કરવામાં આવે.

(૪) ગ્રંથાલયમાં રૂા. ૩૦,૦૦૦/– ના પુસ્તકો તથા સામાયિકોની જોગવાઈ કરવામાં આવે.

(૫) યુનિવર્સિટી તથા રાજ્ય સરકારના ધારાધોરણોનું યર્થાથ પાલન કરવાની બાંહેધરી આપવામાં આવે.

(૬) સદરહુ કોર્ષના સંચાલનમાંથી જો આવક વધારો થાય તો તે આ કોર્ષના વિકાસ માટે જ વાપરવામાં આવશે તેવી બાંહેધરી સંચાલકમંડળ તરફથી આપવામાં આવે.

(૭) જો સંચાલનમાં ખોટ જાય તો તે ભરપાઈ કરવાની બાંહેધરી સંચાલક મંડળ તરફથી આપવામાં આવે.

(૮) યુનિવર્સિટીના ઓર્ડિનન્સ ૬૯–એ અને ૬૯–બી નું ચુસ્તપણે અમલ કરવામાં આવે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલે મૂકેલી ઉપરોકત તમામ શરતોનું યથાર્થ પરિપાલન કરે તે શરતે વલસાડની બી.કે.એમ. સાયન્સ કોલેજમાં બી.સી.એ. ના સ્વનિર્ભર અભ્યાસક્રમનું શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ ના વર્ષ માટે એટલે કે એક વર્ષનું ચાલુ જોડાણ આપવા રાજ્ય સરકારને ભલામણ કરવી.

(૪૧) એસ.આર. લુથરા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટમાં એમ.બી.એ. ના સ્વનિર્ભર અભ્યાસક્રમનું શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૫–૦૯–૦૩ ની સભાના ઠરાવ નં. ૬ અન્વયે, કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત. (એકેડેમિક)

**એકેડેમિક કાઉન્સિલની તા. ૧૫–૦૯–૦૩ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૬**

:: આથી ઠરાવવામાં આવે છે કે, એસ.આર. લુથરા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટમાં એમ.બી.એ. ના સ્વનિર્ભર અભ્યાસક્રમનું શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ નું ચાલુ જોડાણ

મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલમાં જણાવ્યા પ્રમાણે નીચેની શરતોને આધિન શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ ના વર્ષ માટે ૧ વર્ષનું ચાલુ જોડાણ આપવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

<u>શરતો</u> :–

(૧) આ કોલેજ માટે નિયમાનુસાર ડાયરેકટરશ્રી, પ્રોફેસર, આસી. પ્રોફેસર તથા પેલ્સમેન્ટ ઓફિસર વગેરેની બાકી નિમણૂક કરવામાં આવે.

(૨) મહેમાન વકતાઓની નિમણૂક બધા જ સ્પેશ્યલાઈઝેશન ( માર્કેટીંગ, ફાનાન્સ, સી.આઈ.એસ. પર્સોનલ ) ના વિષયોને આવરી લઈ, શકય તે પ્રમાણે કરવી.

(૩) ગ્રંથાલયમાં રૂા. ૪૦,૦૦૦/– ના પુસ્તકો તથા સામાયિકોની જોગવાઈ કરવામાં આવે તથા દરેક સ્પેશ્યલાઈઝેશન માટે ઓછામાં ઓછા એક જર્નલની જોગવાઈ કરવામાં આવે.

(૪) યુનિવર્સિટી તથા રાજ્ય સરકારના ધારધોરણોનું યર્થાથ પાલન કરવાની બાંહધેરી આપવામાં આવે.

(૫) જો સંચાલનમાં ખોટ જાય તો તે ભરપાઈ કરવાની બાંહેધરી સંચાલકમંડળ તરફથી આપવામાં આવે.

(૬) યુનિવર્સિટીના ધારાધોરણોનું યર્થાથ પાલન કરવામાં આવે.

(૭) યુનિવર્સિટીના ઓર્ડિનન્સ ૯૯–એ અને ૯૯–બી નું ચુસ્તપણે અમલ કરવામાં આવે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલે મૂકેલી ઉપરોકત તમામ શરતોનું યથાર્થ પરિપાલન કરે તે શરતે એસ.આર.લુથરા ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટમાં એમ.બી.એ.ના સ્વનિર્ભર અભ્યાસક્રમનું શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ ના વર્ષ માટેનું એટલે કે એક વર્ષનું ચાલુ જોડાણ આપવા રાજ્ય સરકારને ભલામણ કરવી.

(૪૨) જૂન, ૨૦૦૨ થી રોફેલ શ્રી જી.એમ.બિલખીયા કોલેજ ઓફ એપ્લાઈડ સાયન્સીસ (સ્વનિર્ભર) વાપીનું ચાલુ/વધારાના નવા જોડાણ મેળવવા માટે યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત

લઈ યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૫–૦૯–૦૩ ની સભાના ઠરાવ નં. ૭ અન્વયે, કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત. (એકેડેમિક)

**<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૧૫–૦૯–૦૩ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૭</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, જૂન, ૨૦૦૨ થી રોફેલ શ્રી જી.એમ.બિલખીયા કોલેજ ઓફ એપ્લાઈડ સાયન્સીસ (સ્વનિર્ભર) વાપીનું ચાલુ/વધારાના નવા જોડાણ મેળવવા માટે યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલમાં જણાવ્યા પ્રમાણે નીચેની શરતોને આધિન શૈક્ષણિક વર્ષ જૂન ૨૦૦૨ થી ૧ વર્ષ માટે બી.એસસી. ઈન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી / બી.સી.એ. / બી.એસસી. મેડીકલ ટેકનોલોજી નું ચાલુ/વધારાનું જોડાણ આપવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

<u>શરતો</u> :–

(૧) પ્રસ્તુત અભ્યાસક્રમનો વ્યાપ અને આવશ્યકતાઓને ધ્યાનમાં રાખીને પૂર્ણ સમયના પ્રિન્સીપાલ તથા લાયબ્રેરીયન ની નિમણૂક કરવાની રહેશે જે અંગે કોલેજ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીને સત્વરે પૂરી કરવામાં આવે.

(૨) તદ્ઉપરાંત જે તે વિષયોમાં પૂર્ણ સમયના વ્યાખ્યાતાઓ તથા એક ગ્રંથપાલની નિમણૂક કરવી. અને કાર્યવાહી શરૂ કરી હોય તે સત્વરે અટોપવી.

(૭) યુનિવર્સિટીના ઓર્ડિનન્સ ૬૯–એ અને ૬૯–બી નું ચુસ્તપણે અમલ કરવામાં આવે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલે મૂકેલી ઉપરોકત તમામ શરતોનું યથાર્થ પરિપાલન કરે તે શરતે રોફેલ શ્રી જી. એમ. બિલખીયા કોલેજ ઓફ એપ્લાઈડ સાયન્સીસ (સ્વનિર્ભર)ના બી.એસસી. ઈન્ડસ્ટ્રિયલ કેમેસ્ટ્રી / બી.સી.એ./ બી.એસસી. મેડિકલ ટેકનોલોજી અભ્યાસક્રમોનું જુન ૨૦૦૨ થી એક વર્ષ માટેનું જોડાણ આપવા રાજ્ય સરકારને ભલામણ કરવી.

(૪૩) જૂન, ૨૦૦૩ થી ઝેડ. એફ. વાડિયા વિમેન્સ કોલેજ એન્ડ એન. કે. જહોટા કોલેજ ઓફ કોમર્સમાં ઈમ્પેકટ અને ઈંગ્લિંશ ( ગૌણ ) ( એફ.વાય. બી.એ. માં ) નું નવું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ ઉપર એકેડેમિક

કાઉન્સિલે તેની તા. ૧૫–૦૯–૦૩ ની સભાના ઠરાવ નં. ૮ અન્વયે, કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત. (એકેડેમિક)

**એકેડેમિક કાઉન્સિલની તા. ૧૫–૦૯–૦૩ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૮**

:: આથી ઠરાવવામાં આવે છે કે, જૂન, ૨૦૦૩ થી ઝેડ. એફ. વાડિયા વિમેન્સ કોલેજ એન્ડ એન. કે. જહોટા કોલેજ ઓફ કોમર્સમાં ઈમ્પેકટ અને ઈગ્લિંશ (ગૌણ) (એફ.વાય. બી.એ. માં) નું નવું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલમાં જણાવ્યા પ્રમાણે નીચેની શરતોને આધિન શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી ઈગ્લીંશ (એફ.વાય. બી.એ. માં) શરૂ કરવાનું નવું જોડાણ આપવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

શરતો :–

(1) The College will offer this new subject as part of the existing B.A. Degree Programme without charging any extra fees Whatsoever.

(2) The Colleges shall obtain necessary sanction of the State Government in this matter or otherwise the College Management shall bear the financial burden of the new subject.

(3) The College shall spend Rs. 25,000/- on Text-Books, Reference Books and Journals & Periodicals of English Literature and English Language.

(4) Any deficit accruing on account of introducing the new subject will have to be borne by the College Management and an undertaking to this effect will have to be executed in this regard.

(5) University's Ordinance 69 (A) and 69 (B) will be Strictly Followed.

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલે મૂકેલી ઉપરોકત તમામ શરતોનું યથાર્થ પરિપાલન કરે તે શરતે ઝેડ.એફ.વાડિયા વિમેન્સ કોલેજ એન્ડ એન.કે.જહોટા કોલેજ ઓફ કોમર્સમાં ઈંગ્લીશ (એફ.વાય.બી.એ.) નું શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ માટેનું એટલે કે એક વર્ષનું નવું જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

(૪૪) એમ.એસ.પાઠક હોમિયોપેથીક મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ, વડોદરાનું શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી સ્વનિર્ભર હોમિયોપેથી અભ્યાસક્રમનું ચાલુ/વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૫–૦૯–૦૩ ની સભાના ઠરાવ નં. ૯ અન્વયે, કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત. (એકેડેમિક)

**<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૧૫–૦૯–૦૩ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૯</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, એમ.એસ.પાઠક હોમિયોપેથીક મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ, વડોદરાનું શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી સ્વનિર્ભર હોમિયોપેથી અભ્યાસક્રમનું ચાલુ/વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલમાં જણાવ્યા પ્રમાણે નીચેની શરતોને આધિન શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૦૪ માટે ચાલુ/વધારાનું જોડાણ આપવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

<u>શરતો</u> :–

(૧) સંસ્થાએ પ્રિન્સિપાલ / ડાયરેકટરની નિમણૂક નિયત ધોરણ પ્રમાણે કરવાની રહેશે.

(૨) સંસ્થાએ વર્ષ ૨૦૦૪–૦૫ માં પોતાની કોલેજનું મકાન પુરતી સુવિધાવાળું તૈયાર કરવાનું રહેશે.

(૩) સંસ્થાએ લાયબ્રેરી માટે દર વર્ષે રૂા. ૫૦,૦૦૦/– ના પુસ્તકો અને રૂા. ૫૦૦૦/– અન્ય મેગેઝીનો માટે ખર્ચ કરવાનો રહેશે.

(૪) સંસ્થાએ કર્મચારીઓ (નોન–ટીચીંગ સ્ટાફ) તેમજ શૈક્ષણિક (ટીચીંગ) સ્ટાફને યુનિવર્સિટીનાં ધારાધોરણો પ્રમાણે પગાર આપવાનો રહેશે.

(૫) સંસ્થાએ યુનિવર્સિટીના રાજ્ય સરકારના ધારાધોરણો અને અન્ય નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) સંસ્થાએ વિદ્યાર્થીઓ પાસે લેવાની ફી સરકારશ્રીનાં નિયમ અને યુનિવર્સિટીએ નકકી કરેલા ધારાધોરણો પ્રમાણે જ ચાર્જ કરવાની રહેશે.

(૭) સંસ્થાએ હોમિયોપેથીક કોલેજમાં પ્રવેશ સરકાર અને યુનિવર્સિટીના ધારાધોરણ પ્રમાણે જ આપવાનાં રહેશે.

(૮) સંસ્થાએ પોતાના વાર્ષિક હિસાબો, તેના નિયમ પ્રમાણેનાં પ્રોવિઝન સહિત ઓડિટ કરાવી, યુનિવર્સિટીને જમા કરાવવાના રહેશે.

(૯) સંસ્થાએ યુનિવર્સિટીને આપવાની ફી / રકમ તાત્કાલિક ધોરણે જે તે સમયે જમા કરાવવાની રહેશે.

(૧૦) સંસ્થાને કોલેજ ચલાવતાં કોઈપણ પ્રકારની ખોટ અનુભવે, તો તે પૂરી કરવાની જવાબદારી સંચાલક મંડળની રહેશે.

(૧૧) યુનિવર્સિટીના ૬૯–એ અને ૬૯–બી નું ચુસ્તપણે અમલ કરવામાં આવે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલે મૂકેલી ઉપરોકત તમામ શરતોનું યથાર્થ પરિપાલન કરે તે શરતે એમ.એસ.પાઠક હોમિયોપેથીક મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ વડોદરાનું સ્વનિર્ભર હોમિયોપેથીક અભ્યાસક્રમનું શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ નું એક વર્ષનું ચાલુ/ વધારાનું જોડાણ આપવા રાજ્ય સરકારને ભલામણ કરવી.

(૪૫) શૈક્ષણિક વર્ષ ૨૦૦૧–૨૦૦૨ થી ભરૂચની એમ.કે.લો. કોલેજનું ચાલુ જોડાણ કાયમી ધોરણે મેળવવા પ્રસ્તુત કોલેજના આચાર્યશ્રીએ તેમના તા. ૧૧–૦૨–૨૦૦૨ નાં પત્રાંક : એલ/૧૯૯/૭/ ૨૦૦૧ – ૨૦૦૨ સાથે યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજીનાં સંદર્ભમાં સિન્ડિકેટે નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યશ્રીઓએ યુનિવર્સિટીને મોકલેલ અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૫–૦૯–૦૩ ની સભાના ઠરાવ નં. ૧૦ અન્વયે કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત. (એકેડેમિક)

**<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૧૫–૦૯–૦૩ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૧૦</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૦૧–૨૦૦૨ થી ભરૂચની એમ.કે.લો. કોલેજનું ચાલુ જોડાણ કાયમી ધોરણે મેળવવા પ્રસ્તુત કોલેજના આચાર્યશ્રીએ તેમના તા. ૧૧–૦૨–૨૦૦૨ નાં પત્રાંક : એલ/૧૯૯/૭/૨૦૦૧ – ૨૦૦૨ સાથે યુનિવર્સિટીને

મોકલેલ જોડાણઅરજીનાં સંદર્ભમાં સિન્ડિકેટે નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યશ્રીઓએ યુનિવર્સિટીને મોકલેલ અહેવાલમાં જણાવ્યા પ્રમાણે
નીચેની શરતોને આધિન શૈક્ષણિક વર્ષ ૨૦૦૧–૨૦૦૨ થી કાયમી જોડાણ આપવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

<u>શરતો</u> :–

(૧) એક પૂર્ણ સમયના વ્યાખ્યાતાની તાત્કાલિક નિમણૂક કરવામાં આવે.
(તા. ૦૧–૦૧–૦૨ ના રોજથી શ્રીમતી મનીષાબેન શુકલની પૂર્ણ સમયના વ્યાખ્યાતા તરીકે નિમણૂક કરી દીધેલ છે. અને તેઓ હાજર પણ થઈ ગયેલ છે.)

(૨) નિયમાનુસાર વ્યાખ્યાતાઓની નિમણૂક માટે સંચાલકમંડળ તથા આચાર્યશ્રીએ ઘનિષ્ટ પ્રયત્નો કરવા.
( તા. ૨૮–૦૮–૦૨ થી તા. ૧૨–૦૬–૦૨ સુધી કુલ્લે ૧૧ જેટલા પત્રો, ખાલી પડેલ શૈક્ષણિક જગ્યાઓની મંજૂરી એન.ઓ.સી. મેળવવા માટે સંસ્થાએ ઉચ્ચ શિક્ષણ કમિશનરને લખ્યા છે. વળી રૂબરૂમાં પણ અનેકવાર રજૂઆતો કરી છે. પરંતુ સને ૧૯૯૮ થી તમામ કોલેજોને એન.ઓ.સી. આપવાનું બંધ કરેલ હોય, આ સંસ્થાને પણ એન.ઓ.સી. આપવામાં આવી નથી. અને તેથી શૈક્ષણિક જગ્યાઓ ભરી શકાય નથી.

પરંતુ વિદ્યાર્થીઓને શૈક્ષણિક જ્ઞાન મેળવવામાં મુશ્કેલી ન પડે એટલા માટે વર્કલોડ મુજબ સંસ્થાએ ૦૧ આચાર્યે અને ૦૧ પૂર્ણ સમયના વ્યાખ્યાતા સિવાય બીજા ૨૧ જેટલા ખંડ સમયના અઘ્યાપકોની નિમણૂક કરેલ છે. અને આ રીતે સંસ્થાએ આ શરતોનું પાલન કરવામાં સંનિષ્ઠ પ્રયત્નો કર્યાં છે. એવા નિષ્કર્ષ પર સમિતિના સભ્યો આવેલ છે.)

(૩) કોલેજના તમામ કર્મચારીઓને યુ.જી.સી. તથા રાજ્ય સરકારશ્રીએ નકકી કરેલ ધારાધોરણો મુજબ પગાર ચુકવવામાં આવે છે. ઓર્ડિનન્સ – ૬૯ (એ) (બી) નું ચુસ્તપણે પરિપાલન પણ કરવામાં આવે છે.

(૪) આ કોલેજ તા. ૦૧/૦૬/૬૮ થી શરૂ થઈ છે. તે જોતા કોલેજ શરૂ થયાને ૩૩ વર્ષ થઈ ગયા છે. સંસ્થાએ આ કોલેજનું સ્વતંત્ર મકાન પણ બનાવી દીધેલ છે. અને હાલ કોલેજ તેમાં કાર્યરત છે. વેલ ઈકવીપ લાયબ્રેરી અને પૂરતી સુવિધાવાળા કલાસરૂમો પણ છે. આ કોલેજને દ.ગુ.યુનિ. તથા નામદાર

સરકારે પણ તા. ૧૪/૦૬/૦૧ સુધી જોડાણ આપી દીધેલ છે. યુ.જી.સી.ની ગ્રાન્ટ પણ ઉપલબ્ધ થતી નથી અને ખાસ તો આ કોલેજના શૈક્ષણિક સ્ટાફને એટલા માટે જ ડી / પી માં લેવામાં આવેલ નથી.

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલે મૂકેલી ઉપરોકત તમામ શરતોનું યથાર્થ પરિપાલન કરે તે શરતે ભરૂચની એમ.કે.લો કોલેજને શૈક્ષણિક વર્ષ ૨૦૦૧–૨૦૦૨ થી કાયમી જોડાણ આપવા રાજ્ય સરકારને ભલામણ કરવી.

(૪૬) (૧) યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી મેડિકલ ફેકલ્ટીની હોમિયોપેથીકની પરીક્ષામાં પૂરક પરીક્ષા ૪૫ દિવસમાં લેવાની જોગવાઈ છે. આ તથા અન્ય જે જે પરીક્ષાઓમાં ભવિષ્યમાં પૂરક પરીક્ષા લેવાનું નકકી કરવામાં આવે તે પરીક્ષાઓમાં પુનઃમૂલ્યાંકન કરવાની પ્રથા ચાલુ રાખવી કે કેમ? તે અંગે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૫–૦૯–૦૩ ની સભાના ઠરાવ નં. ૩૮ (૧) અન્વયે, કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત.

(એકેડેમિક)

**<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૧૫–૦૯–૦૩ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૩૮ (૧)</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની વિષદ ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે, તબીબી વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીની દરખાસ્ત મુજબ તબીબી વિદ્યાશાખાના ફીઝીયોથેરાપી બ્રાંચમાં પુરક પરીક્ષા લેવામાં આવે છે જ્યારે તબીબી બ્રાંચ (એમ.બી.બી.એસ.) પુરક પરીક્ષા બંધ કરી ૬ મહિનાની અંદર ફરીથી પરીક્ષા લેવામાં આવતી હોય તેમજ ગુજરાતની અન્ય યુનિવર્સિટીમાં (સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સિવાય) તબીબી વિદ્યાશાખામાં પુનઃમૂલ્યાંકન (Re-Assesment) ની પ્રથા બંધ કરવામાં આવેલ છે. અર્થાત્ અમલમાં નથી તે જોતાં આપણી યુનિવર્સિટી પણ તબીબી વિદ્યાશાખામાં પૂનઃમૂલ્યાંકનની પ્રથા આગામી ડિસેમ્બર ૨૦૦૩ ની પરીક્ષાથી અમલમાં આવે તે રીતે બંધ કરવા માટે આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબત એકેડેમિક કાઉન્સિલને પુનઃવિચારણા માટે મોકલવી.

(૪૭) એલએલ.એમ. ની લાયબ્રેરી ફી જે હાલ માત્ર રૂા. ૧૦૦/– છે. નવા અભ્યાસક્રમ મુજબ જે પુસ્તકો તથા જર્નલો વસાવવા પડશે અને તે જ વિદ્યાર્થીઓને પુરા પાડવા પડશે તે માટે લાયબ્રેરીમાં વધુ ખર્ચ પાડવો પડશે, તેને ધ્યાનમાં લઈ હાલની લાયબ્રેરીમાં વધુ ખર્ચ પાડવો પડશે, તેને ધ્યાનમાં લઈ હાલની લાયબ્રેરી ફી રૂા. ૧૦૦/– છે. તે રૂા. ૪૦૦/– કરવાની કાનૂન

વિદ્યાશાખાની તા. ૦૪–૦૭–૨૦૦૩ ની ભલામણ ક્રમાંક : ૬(૨) ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૫–૦૯–૨૦૦૩ ની સભાની ભલામણ ક્રમાંક : ૫૨(૬)(૨) પર વિચારણા કરવા બાબત.

(એકેડેમિક)

**<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૧૫–૦૯–૦૩ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૫૨(૬)(૨)</u>**

વધુમાં ઠરાવવામાં આવે છે કે, કાનૂન વિદ્યાશાખાની ભલામણ ક્રમાંક: ૫૨(૬)(૨) સિન્ડિકેટની વિચારણા માટે રજૂ કરવી.

:: આથી ઠરાવવામાં આવે છે કે, એલ.એલ.એમ.ની લાયબ્રેરી ફી જે હાલમાં રૂા.૧૦૦/– છે તેને બદલે હવે રૂા.૨૦૦/– લેવી.

(૪૮) જૂન, ૨૦૦૩ થી વેડછીની સમાજ સેવા મહાવિદ્યાલયનું ચાલુ/વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સ્થળ પર તપાસ કરી યુનિવર્સિટીને અહેવાલ આપવા માટે કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૫–૦૯–૦૩ ની સભાના ઠરાવ નં. ૫૬ અન્વયે, કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત.

(એકેડેમિક)

**<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૧૫–૦૯–૦૩ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૫૬</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, જૂન, ૨૦૦૩ થી વેડછીની સમાજસેવા મહાવિદ્યાલયનું ચાલુ/વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સ્થળ પર તપાસ કરી યુનિવર્સિટીને અહેવાલ આપવા માટે કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલમાં જણાવ્યા પ્રમાણે નીચેની શરતોને આધિન આગામી જૂન ૨૦૦૩ થી ૧ વર્ષ માટે ચાલુ/વધારાનું જોડાણ આપવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

<u>શરતો</u> :–

(૧) સંસ્થા પૂર્ણકાલિન આચાર્યની નિમણૂક કરશે.

(૨) સંસ્થાના સ્ટાફની નિમણૂક સમિતિમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ અને વિદ્યાશાખાના પ્રતિનિધિનો સમાવેશ કરશે.

(૩) બી.આર.એસ. ના નવા અભ્યાસક્રમને અનુરૂપ વિષયોના વધારાના પુસ્તકો વસાવશે અને સંસ્થાના વાર્ષિક બજેટમાં આ માટે રૂા. ૧૦,૦૦૦ ની જોગવાઈ કરશે.

(૪) દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની ગ્રામ અભ્યાસ વિદ્યાશાખા દ્વારા તૈયાર કરાયેલ અભ્યાસક્રમ અને તેમાં વખતોવખત સુચવાતા ફેરફારોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૫) યુનિવર્સિટીના અભ્યાસક્રમ મુજબ અંગ્રેજી વિષયનો અભ્યાસ બી.આર.એસ. ના ત્રણેય વર્ષમાં કરવાનો હોવાથી અને સંસ્થા પાસે અંગ્રેજી વિષય શીખવવા જરૂરી લાયકાત ધરાવનાર અધ્યાપક ન હોવાથી એક ખંડના સમયના વ્યાખ્યાતાની તાત્કાલિક નિમણૂક કરવી અને દ્રિતીય તથા તૃતિય વર્ષના વિદ્યાર્થીઓને જરૂરી વધારાનું માગદર્શન આપવાની વ્યવસ્થા કરવી.

(૬) સંસ્થાએ શારીરિક શ્રમ અને બૌધ્ધિક કાર્યો વચ્ચે સપ્રમાણ ધોરણ જાળવી વિદ્યાર્થીનો સંપૂર્ણ વિકાસ થાય તે માટે ચર્ચાઓ, સેમિનાર વગેરે ગોઠવવા.

(૭) સંસ્થાએ એક સલાહકાર સમિતિની રચના કરવી જેમાં યુનિવર્સિટીની ગ્રામ વિદ્યાશાખાના અધ્યક્ષ અને શિક્ષકો, સંસ્થાના શૈક્ષણિક સ્ટાફ, ટ્રસ્ટી મંડળના પ્રતિનિધિનો સમાવેશ કરવો અને વર્ષમાં ઓછામાં ઓછી બે વાર મિટીંગ કરવી.

(૮) આ જોડાણને કારણે ગ્રામવિદ્યા શાખાનું હાલનું માળખું યથાવત્ રહેશે, જેના પરિણામે શિક્ષકોની લાયકાતનાધોરણો પગારના ધોરણો તથા નિમણૂકની શરતો પણ રાજ્ય સરકારે હાલ જે નિયત કરેલી છે અને તેમાં સમયાંતરે થતા ફેરફારો માન્ય રાખવા પડશે.

(૯) સંસ્થાને અન્ય ગ્રામવિદ્યાપીઠોને હાલ રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના ઠરાવોથી જે લાભ મળે છે તે ચાલુ રહેશે. યુનિવર્સિટીની અન્ય એફિલિએટેડ કોલેજની જેમ અન્ય કોઈ લાભ મળશે નહીં.

(૧૦) દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી તરફથી શૈક્ષણિક તથા બિન–શૈક્ષણિક મહેકમ વિદ્યાર્થી, રજીસ્ટ્રેશન, નિવાસ, ભોજન વ્યવસ્થા, આરોગ્ય સુવિધા, પ્રયોગશાળા, ગૌશાળા, ગ્રંથાલય, અભ્યાસક્રમ, રમતગમત સુવિધા, પરીક્ષા વ્યવસ્થા, પરીક્ષા મૂલ્યાંકન વગેરે બાબતો અંગે સુચવાયેલ નીતિનું ચુસ્તપણે પાલન કરવું.

(૧૧) રાજ્ય સરકાર તરફથી હાલ મંજૂર થયેલ વિદ્યાર્થી સંખ્યામાં ફેરફાર કરતી વખતે યુનિવર્સિટીની પૂર્વમંજૂરી આવશ્યક રહેશે.

(૧૨) વિદ્યાર્થીઓના પ્રવેશ અંગે રાજ્યસરકાર દ્વારા સૂચવાયેલ પધ્ધતિનો અમલ કરી પ્રવેશ સમિતિમાં યુનિવર્સિટીના પ્રતિનિધિનો સમાવેશ કરવો ફરજિયાત રહેશે.

(૧૩) વિદ્યાર્થીઓની પ્રવેશ અને ફી ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીના તા. ૨૩–૦૫– ના આદેશ ક્રમાંક : ઉબક/૯/ગવચ/૯–ષ–૯૪૩૮–૫૨ મુજબ લેવાની રહેશે. યુનિવર્સિટી તરફથી સૂચવ્યા મુજબ રમત–ગમત, સાંસ્કૃતિક અને અન્ય ફી લેવાની રહેશે તથા એન.સી.સી. અને એન.એસ.એસ. જેવી પ્રવૃત્તિઓ કરાવવાની રહેશે.

(૧૪) યુનિવર્સિટીના ઓર્ડિનન્સ ૬૯–એ અને ૬૯–બી નું ચુસ્તપણે અમલ કરવામાં આવે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલે મૂકેલી ઉપરોકત શરતો પૈકી શરત ક્રમાંક: ૨ અને ૭ રદ કરવી અને તે સિવાયની તમામ શરતોનું યથાર્થ પરિપાલન કરે તે શરતે વેડછીની સમાજસેવા મહાવિદ્યાલયને જૂન–૨૦૦૩થી એક વર્ષ માટેનું ચાલુ /વધારાનું જોડાણ આપવા રાજ્ય સરકારને ભલામણ કરવી.

(૪૯) સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, કરચેલિયા (મહુવા) માં શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી બી.ઍડ્ નવું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોશ્રીઓએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ ઉપર, એકેડેમિક કાઉન્સિલે, તેની તા. ૧૦–૦૪–૦૩ ના રોજ મળેલ સભામાં બાબત ક્રમાંક : (૩૮) અન્વયે, વિચારણા કરી ઉપરોકત બાબતમાં N.C.T.E. ની મંજૂરી મળ્યા બાદ એકેડેમિક કાઉન્સિલમાં પ્રસ્તુત બાબત વિચારણા માટે રજૂ કરવાનું ઠરાવતાં, N.C.T.E. ભોપાલની તા. ૨૮–૦૮–૨૦૦૩ ના પત્રાંક : WRC/2-32/51/2003/3510 થી મળેલ મંજૂરી પત્રની નકલ તથા સ્થાનિક તપાસસમિતિના અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૫–૦૯–૦૩ ની સભાના ઠરાવ નં. ૬૦ અન્વયે કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત. (એકેડેમિક)

**<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૧૫–૦૯–૦૩ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૬૦</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, કરચેલિયા (મહુવા) માં શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી બી.ઍડ્ નવું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોશ્રીઓએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલમાં જણાવ્યા પ્રમાણે નીચેની શરતોને આધિન શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ માટે બી.ઍડ્ અભ્યાસક્રમ માટે નવું જોડાણ આપવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

<u>શરતો</u> :–

(૧) મહુવા ( કરચેલીયા ) ખાતે બી.ઍડ્. કોલેજ વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી શરૂ કરવા એન.સી.ટી.ઈ.ની પરવાનગી મેળવી જોડાણ આપવામાં આવે.

(૨) બી.ઍડ્. માટે જરૂરી શૈક્ષણિક અને બિન–શૈક્ષણિક સ્ટાફની નિમણૂક એન.સી.ટી.ઈ. અને યુનિવર્સિટીના ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે.

(૩) બી.ઍડ્. માટે જરૂરી કલાસરૂમ અને લેબ માટે સુવિધા ઉપલબ્ધ કરવી.

(૪) બી.ઍડ્. માટે જરૂરી એફીલીએશન ફી ભરવાની રહેશે.

(૫) બી.ઍડ્. ના પ્રવેશ યુનિવર્સિટીની કેન્દ્રિય પ્રવેશ પધ્ધતિ પ્રમાણે આપવાના રહેશે.

(૬) બી.ઍડ્. અભ્યાસક્રમ ચલાવવા જરૂરી નાણાંકીય ભંડોળ તેમજ અન્ય ભવિષ્યની સુવિધાઓ કરવી પડશે.

(૭) યુનિવર્સિટીના ધારા ધોરણ અને નિયમોનું યર્થાથ પાલન કરવામાં આવે.

(૮) કોલેજને શરૂ થયા બાદ દોઢ મહિનામાં વેરીફીકેશન કરાવવું.

(૯) યુનિવર્સિટીના ઓર્ડિનન્સ૬૯–એ અને ૬૯–બી નું ચુસ્તપણે અમલ કરવામાં આવે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલે મૂકેલી ઉપરોકત તમામ શરતોનું યથાર્થ પરિપાલન કરે તે શરતે સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, કરચેલિયાને બી.એડ્.ના અભ્યાસક્રમનું શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪

માટેનું એટલે કે, એક વર્ષનું નવું જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

(૫૦) સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, વાંસદામાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી બી.ઍડ્. નું નવું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોશ્રીઓએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ ઉપર, ઍકેડેમિક કાઉન્સિલે, તેની તા. ૧૦–૦૪–૨૦૦૩ ના રોજ મળેલ સભામાં બાબત ક્રમાંક : (૬૩) અન્વયે, વિચારણા કરી ઉપરોકત બાબતમા N.C.T.E. ની મંજૂરી મળ્યા બાદ ઍકેડેમિક કાઉન્સિલમાં પ્રસ્તુત બાબત વિચારણા માટે રજૂ કરવાનું ઠરાવતાં, N.C.T.E. ભોપાલની તા. ૨૮–૦૮–૨૦૦૩ ના પત્રાંક : WRC/2-32/51/2003/3510 થી મળેલ મંજૂરી પત્રની નકલ તથા સ્થાનિક તપાસસમિતિના અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૫–૦૯–૦૩ ની સભાના ઠરાવ નં. ૬૨ અન્વયે, કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત. (ઍકેડેમિક)

**<u>ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૫–૦૯–૦૩ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૬૨</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, વાંસદામાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી બી.ઍડ્. નું નવું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોશ્રીઓએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલમાં જણાવ્યા પ્રમાણે નીચેની શરતોને આધિન શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ માટે બી.ઍડ્ અભ્યાસક્રમ માટે નવું જોડાણ આપવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

<u>શરતો</u> :–

(૧) સૌ પ્રથમ શૈક્ષણિક અને બિન–શૈક્ષણિક સ્ટાફની નિમણૂક થઈ જાય પછી જ બી.ઍડ્. કોલેજ શરૂ કરવાની મંજૂરી આપવાની ભલામણ કરે છે.

(૨) કોલેજ રાજ્યના ધોરી માર્ગથી દૂર અંદરના વિસ્તારમાં આવેલી હોવાથી છાત્રાલયની સગવડ કર્યા પછી જ તાલીમાર્થીઓને પ્રવેશ આપવાની ભલામણ કરે છે.

(૩) બી.ઍડ્. નો અભ્યાસક્રમ ટૂંકા ગાળાનો તાલીમી અભ્યાસક્રમ હોવાથી પ્રથમ સત્રના પ્રથમ દિવસથી તાલીમની શરૂઆત થતી હોય છે. તેથી પુસ્તકો, પ્રયોગશાળા, શીખવવા માટે મંજૂરી આપવાની ભલામણ કરે છે.

(૪) બી.ઍડ્. અભ્યાસક્રમને લગતાં સાહિત્યો તથા ઓફિસના સાહિત્યની સલામતી અને વ્યવસ્થિત સાચવણી માટે જરૂરી ટેબલ, ખુરશીઓ, કબાટો પ્રથમથી વસાવી લેવાની ભલામણ કરે છે.

(૫) પ્રસ્તુત બી.ઍડ્. કોલેજ ચલાવવા માટે સરકારશ્રી આર્થિક મદદ પૂરી પાડનાર છે તેથી વ્યવસ્થાની સંપૂર્ણ જવાબદારી બી.ઍડ્. કોલેજના આચાર્યની રહેશે. એમ માની સમિતિ કોલેજને શરૂ કરવાની ભલામણ કરે છે.

(૬) પ્રસ્તુત કોલેજમાં તાલીમાર્થીઓને પ્રવેશ આપતાં પહેલાં બાકી જરૂરિયાતો પૂર્ણ કરવામાં આવે છે કે નહીં તેની ચકાસણી કરવામાં આવે.

(૭) યુનિવર્સિટીના ઓર્ડિનન્સ ૬૯–એ અને ૬૯–બી નું ચુસ્તપણે અમલ કરવામાં આવે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલે મૂકેલી ઉપરોકત તમામ શરતોનું યથાર્થ પરિપાલન કરે તે શરતે સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, વાંસદાને બી.એડ્ના અભ્યાસક્રમનું શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ માટેનું એટલે કે, એક વર્ષનું નવું જોડાણ આપવા માટે રાજય સરકારને ભલામણ કરવી.

**(૫૧)** નવસારીની ડી.ડી. લૉ કોલેજમાં હાલમાં ચાલતા એલએલ.એમ. પદવીનો અનુસ્નાતક અભ્યાસક્રમને યુ.જી.સી.એ ચાલુ વર્ષથી અપગ્રેડ કરી ગૃપ – ડી ( લેબર, કેપીટલ એન્ડ લૉ ) વિષય શીખવવાના સંદર્ભમાં કોલેજમા હાલમાં ઉપલબ્ધ શૈક્ષણિક સ્ટાફની વિગત નીચે મુજબ છે. જે અવલોકનમાં લેતાં સદરહુ અનુસ્નાતક કેન્દ્ર ચાલુ રાખવા એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૫–૦૯–૨૦૦૩ ની સભાની ભલામણ ક્રમાંક : ૭૯ પર વિચારણા કરવા બાબત. (એકેડેમિક)

<u>**સદર કોલેજમાં હાલમાં નીચે મુજબનો સ્ટાફ કાર્યરત છે.**</u>

(૧) શ્રી આર. પી. પટેલ ( ઈન્ચાર્જ આચાર્યશ્રી ) ( નિવૃત્તિ સમય જૂન ૨૦૦૪ )

(૨) શ્રી ડી. કે. દેબુ ( ખંડ સમયના વ્યાખ્યાતા )( નિવૃત્તિ સમય જૂન ૨૦૦૩ )

(૩) કુ. ગીતા ગોપી ( ખંડ સમયના વ્યાખ્યાતા )

**<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૧૫–૦૯–૦૩ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૭૯</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, નવસારીની ડી.ડી. લો કોલેજમાં હાલમાં ચાલતા એલએલ.એમ. પદવીના અનુસ્નાતક અભ્યાસક્રમમાં ચાલુ વર્ષે પ્રવેશ નહિ આપવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

:: આથી બહુમતિએ ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરોક્ત ભલામણ સ્વીકારવી નહીં.

(૫૨) સને ૨૦૦૩–૦૪થી ત્રણ વર્ષની મુદ્દત માટે બોર્ડ ઓફ સ્પોર્ટસ ફિઝીકલ એજ્યુકેશન એન્ડ રીક્રીએશનની નવી બોર્ડની રચના થઈ ન હોવાથી સને ૨૦૦૩–૦૪ ના શૈક્ષણિક વર્ષમાં યોજાનાર આંતર યુનિવર્સિટી રમત–ગમત સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે ઘડેલ અંદાજપત્ર કે જે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના અંદાજપત્ર સને ૨૦૦૩–૦૪ મુજબ તૈયાર કરેલ બોર્ડ ઓફ સ્પોર્ટ્સ ફિઝીકલ એજ્યુકેશન એન્ડ રીક્રીએશનની મંજૂરીની અપેક્ષાએ કુલપતિશ્રીએ મંજૂર કરેલ હોય સને ૨૦૦૩–૦૪ યુનિવર્સિટી રમત–ગમતનું ઘડેલ અંદાજપત્ર મંજુર કરવા અંગે વિચારણા કરવા બાબત. (યુવક કલ્યાણ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૦૪ માં યોજાનાર આંતર યુનિવર્સિટી રમત–ગમત સ્પર્ધાઓમાં ભાગ લેવા માટેનું સામેલ પરિશિષ્ટ–'ગ' મુજબનું અંદાજપત્ર મંજૂર કરવું.

(પરિશિષ્ટ–'ગ')

<u>કુલપતિશ્રીના પગલાંની નોંધ</u>

(૫૩) ઈજનેરી વિદ્યાશાખા હેઠળની સંલગ્ન કોલેજોના બી.ઈ.૧ (ઓડ' સેમીસ્ટર)ની શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૦૪ ની નીચે પ્રમાણેની સૂચિત સત્ર વ્યવસ્થા સાર્વજનિક કોલેજ ઓફ એન્જિનીયરીંગ એન્ડ ટેકનોલોજીના આચાર્યશ્રીએ તા.૧૮–૯–૨૦૦૩ ના રોજ ફેકસથી મોકલી છે. જેને સિન્ડિકેટ વતી મંજૂર કરવા **<u>કુલપતિશ્રીના પગલાંની નોંધ</u>** લેવા બાબત. **(શૈક્ષણિક)**

**TERM SCHEDUAL OF B.E.- I**

**FOR THE ACADEMIC YEAR 2003-04**

**ODD SEM. (2003-04)**

| | | |
|---|---|---|
| 1. | OPENING OF ODD SEM. | 29-9-2003 |
| 2. | TEACHING (3 WEEKS) | 29-9-2003 TO 18-10-2003 |
| 3. | DIWALI BREAK (2 WEEKS) | 20-10-2003 TO 01-11-2003 |
| 4. | TEACHING (9 WEEKS)<br>(AFTER DIWALI BREAK)<br>INCLUDING SATURDAY, SUNDAY<br>(2 WEEKS) | 03-11-2003 TO 03-01-2004 |

| | | |
|---|---|---|
| | **NOVEMBER**<br>DATE : 8-9, 15-16, 22-23<br>**DECEMBER**<br>DATE : 6-7, 13-14, 20-21, 27-28 | |
| 5. | PREPARATION FOR EXAMINATION (2 WEEKS) | 05-01-20004 TO 17-01-2004 |
| 6. | THEORY EXAMINATION (ODD + EVEN SEM.) (2 WEEKS) | 19-01-2004 TO 31-01-2004 |
| 7. | PRACTICAL EXAMINATION (ODD + EVEN SEM.) (1 WEEKS) | 02-02-2004 TO 07-02-2004 |
| 8. | VACATION FOR STUDENTS (1 WEEKS) | 09-02-2004 TO 14-02-2004 |
| 9. | OPENING OF EVEN SEMESTER FOR 1ST YEAR | 16-02-2004 |

:: આથી ઠરાવવામાં આવે છે કે, કુલપતિશ્રીના ઉપરોકત પગલાંની નોંધ લેવી.

(૫૪) જોડાણઅરજી અંગેની અરજી ફી પરત કરવા અંગેનો ઓર્ડિનન્સ–૬૬(૧)માં જરૂરી સુધારો/વધારો કરવા અંગે પુન:વિચારણા કરવા બાબત. **(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની વિચારણા મુલતવી રાખવી.

(૫૫) ઈન્સ્ટિટયૂટ ઓફ મેડિકલ ટેકનોલોજી (સ્પાન) ઉધના સુરત, મેડિકલ ટેકનોલોજીના ડિપ્લોમાં અભ્યાસક્રમ બંધ કરવા પ્રસ્તુત સંસ્થાના નિયામકશ્રી અને આઈએમટી એન્ડ ચેરમેન, સ્પાન એજયુકેશન ફાઉન્ડેશનના તા.૨૯–૮–૨૦૦૩ના પત્રાંક:આઈએમટી/એફી.ફી/૦૩/૩૧ ઉપર વિચારણા કરવા બાબત. **(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની વિચારણા મુલતવી રાખવી.

(૫૬) સિન્ડિકેટની તા.૧૨–૯–૨૦૦૨ની સમિતિના ઠરાવ ક્રમાંક: ૯ અનુસાર મુલતવી રહેલી નીચેની બાબત પર વિચારણા કરવા બાબત. **(પરીક્ષા)**

૧. "આગામી પદવીદાન સમારંભ અંગેના આવેદનપત્ર તથા ફી નકકી કરવા માનનીય કુલપતિશ્રીએ નકકી કરેલ સમિતિની તા.૨૪–૬–૨૦૦૨ના રોજ મળેલ સભાએ કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત."

૨. ૩૫માં પદવીદાન સમારંભમાં ફોર્મની કિંમત તથા પદવી ફીની કિંમત નકકી કરવા અંગે...........

૩. ડુપ્લીકેટ ડીગ્રીના ફોર્મ તથા તેની ફી અંગે વિચારણા કરવા બાબત....

૪. પદવી પરીક્ષા પાસ કર્યા બાદ પદવી અંગેના ફોર્મ ન ભરેલ હોય (કોન્વોકેશન ફોર્મ ન ભરેલ હોય) તેમને કામચલાઉ પ્રમાણપત્ર આપવા અંગેની ફી અંગે વિચારણા કરવા બાબત......

૫. પદવી મેળવવા અંગે અરજી કર્યા બાદ પદવીદાન સમારંભ સુધી નિયમાનુસાર પ્રમાણપ્રત્ર આપી ન શકાય તે અંગે કામચલાઉ પ્રમાણત્ર આપવા અંગેની ફી અંગે વિચારણા કરવા બાબત.....

૬. નિયત સમય મર્યાદા બાદ ફોર્મ ભરવા માટે લેઈટ ફી લેવી કે કેમ? અને કયાં સુધી લેવા તે માટે સમય મર્યાદા નકકી કરવા વિચારણા કરવા બાબત......

:: ઉપરોકત બાબત ક્રમાંક: ૨ થી ૬ ની ભેગી વિચારણા કરવામાં આવી હતી અને વિસ્તૃત ચર્ચા વિચારણાને અંતે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું હતું.

:: આથી ઠરાવવામાં આવે છે કે, હાલમાં લેવાતી વિવિધ પ્રકારની ફીમાં સ્ટેશનરી, પ્રિન્ટીગ, પેકીગ, પોસ્ટેજ ખર્ચ, કુરીયર, સ્પીડ પોસ્ટ, ટેલીફોન વિગેરેમાં થયેલ ભાવ વધારો, ઉપરોકત વહીવટી ખર્ચ, પ્રોસેસ ખર્ચ, કામચલાઉ સ્ટાફનો ખર્ચ, તેમજ પદવીદાન સમારંભનો ખર્ચ, જાહેરાતનો ખર્ચ વિગેરેને ધ્યાનમાં લઈ હાલની તમામ પ્રકારની ફીમાં પુન: વિચારણા કરવાનું જરૂરી લાગે છે અને તે અંગે અધિકાર મંડળ જરૂરી યોગ્ય વિચારણા કરે તે માટે ભલામણ કરવામાં આવે છે. હાલમાં લેવાતી વિવિધ ફીની માહિતી સામેલ કોઠામાં દર્શાવવામાં આવેલ છે.

| S\| D | I JUT | CF, DF\ , [ JFTL OL |
|---|---|---|
| ૧. | પદવી પ્રમાણપત્ર ફોર્મ ફી | રૂ.૨૦/– |
| ૨. | પદવી ફી (હાજર તથા ગેરહાજર) | રૂ.૧૫૦/– |
| ૩. | ડુપ્લીકેટ ડીગ્રી મેળવવા અંગેની ફોર્મ ફી | હાલમાં નથી |
| ૪. | ડુપ્લીકેટ સર્ટિફીકેટ મેળવવા અંગેની ફી (પોસ્ટ ધ્વારા મોકલવા માટે રૂ.૩૦/– અલગ પોસ્ટેજ ચાર્જ તરીકે લેવામાં આવે છે.) | રૂ.૧૧૦/– |
| ૫. | પદવી ફોર્મ ભર્યા બાદ કામચલાઉ પ્રમાણપત્ર મેળવવા અંગેની ફી | રૂ.૫૦/– |
| ૬. | પદવી મેળવવા અંગેનું ફોર્મ ન ભરેલ હોય અને કામચલાઉ પ્રમાણપત્ર મેળવવા અંગેની ફી | રૂ૫૦/– |
| ૭. | લેઈટ ફી | હાલમાં નથી. |
| ૮. | રજીસ્ટ્રેશન ફી | રૂ.૨૦/– |
| ૯. | ડીગ્રી સર્ટિફીકેટની માર્કશીટની ચકાસણી ફી | રૂ.૫૦/– (૧ ઝેરોક્ષ નકલના) |

કાર્યાલયના અનુભવને ધ્યાનમાં લેતા કામચલાઉ પ્રમાણપત્ર અંગે આવેલ અરજી તથા ડુપ્લીકેટ સર્ટિફીકેટ મેળવવા અંગેની અરજી તેમજ ડીગ્રી

સર્ટિફીકેટ ચકાસણી માટે જરૂરી અગાઉના વર્ષો જૂના દસ્તાવેજો પ્રાપ્ત કરવા માટે કાયમી અપૂરતા સ્ટાફને કારણે ઘણો સમય વ્યતિત થતો હોય, આ અંગે સરકારમાં તથા અન્ય સંસ્થામાં લેવામાં આવતી "શોધાઈ ફી" ના ધોરણે યુનિવર્સિટીમાં તેવા પ્રકારની ફી લેવાનું નકકી કરવા તથા તે ઉપરાંત વધારાની ફી લેવામાં આવે તે રીતે વધારાની ફી લેવી કે કેમ તે અંગે પણ જરૂરી વિચારણા કરવા જે તે અધિકાર મંડળને ભલામણ કરવામાં આવે છે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની વિચારણા મુલતવી રાખવી.

(૫૭) ડૉ.શુકલ રમેશચંદ્ર મહાશંકર મહાનુભાવને ડોકટર ઓફ લીટરેચર(ડી.લિટ્) ની માનદ્ પદવી એનાયત કરતી વખતે જરૂરી પ્રશસ્તિ પ્રવચન (સાઈટેશન) નો મુસદ્દો નકકી કરવા માટે એક સમિતિની નિમણૂક કરવા માટે વિચારણા કરવા બાબત. **(પરીક્ષા)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની વિચારણા મુલતવી રાખવી.

(૫૮) આર.કે.દેસાઈ અચ્છારીવાલા કોલેજ ઓફ કોમ્પ્યુટર એન્ડ એપ્લાઈડ સાયન્સ, વાપીનાં તા.૨૮–૮–૦૩નાં પત્ર ક્રમાંક: RKDMT/651/03 તથા વાલીઓને તા.૨૩–૯–૨૦૦૩ના પત્ર ધ્વારા દયાની કરેલ અરજીઓ પર વિચારણા કરવા બાબત. **(પરીક્ષા)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની વિચારણા મુલતવી રાખવી.

(૫૯) યુનિવર્સિટીના ઓર્ડિનન્સ–૩૩(૩) અન્વયે, નાણાં સમિતિના સભ્યશ્રીઓની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત. **(હિસાબી)**

**ઓર્ડિનન્સ–૩૩**

The members of the Finance Committee shall be :

(1) The Vice-Chancellor - (Chairman)

(2) The Pro-Vice – Chancellor

(3) Any five members appointed by the Syndicate from amongst its members.

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની વિચારણા મુલતવી રાખવી.

(૬૦) પરીક્ષકો/પ્રાશ્નિકો/લેબ સ્ટાફ તેમજ અન્ય ચેકો મળી વાર્ષિક આઠ થી દસ હજાર જેટલા ચેકો પરીક્ષા ફંડમાંથી ઈસ્યુ કરવામાં આવે છે. સદર ચેકો પર મુ.હિ. અ.શ્રી તથા કુલસચિવશ્રીની સહી લેવામાં આવે છે. જેમાં કુલસચિવશ્રીનો ખૂબ સમય જાય છે. તથા તેઓ તેમાંજ વ્યસ્ત રહેતા હોઈ રૂ.૫,૦૦૦/– સુધીની રકમના ચેકો પર કુલસચિવશ્રીની પછીના કોઈ પણ કેડરના અધિકારશ્રીને સહી કરવાની સત્તા આપવા અંગે વિચારણા કરવા બાબત. **(હિસાબી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની વિચારણા મુલતવી રાખવી.

(૬૧) માર્ચ/એપ્રિલ – ૨૦૦૩ માં લેવાયેલી એમ.એસસી.(કેમેસ્ટ્ર) પાર્ટ–૧ (ઈવનીગ અને મોર્નિગ) ની પરીક્ષાનું પરિણામ નીચું આવવાથી વિદ્યાર્થીઓ તરફથી પુન: મૂલ્યાંકનની માંગણી કરવામાં આવી છે. તે અંગે વિચારણા કરવા બાબત. **(કેમેસ્ટ્રી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતે ઘટતો નિર્ણય લેવાની કુલપતિશ્રીને સત્તા આપવી.

**<u>નોંધ લેવા બાબત</u>**.

(૬૨) નામદાર ગુજરાત એફિલિએટડ કોલેજીસ સર્વિસીઝ ટ્રિબ્યનલ, અમદાવાદ સમક્ષ માંડવી કોલેજનાં સરસ્વતી વિદ્યામંડળે સદરહુ કોલેજના વ્યાખ્યાતાશ્રી એ.એ. કડવાને તેમની સેવામાંથી બરતરફ કરવા અંગે નામદાર ટ્રિબ્યુનલમાં અપીલ નં.૩/૧૯૯૮ દાખલ કરી હતી. પ્રસ્તુત બાબતે નામદાર ટ્રિબયુનલે તા.૩૧–૭–૨૦૦૩ ના રોજ ઓર્ડર/હુકમ કરી સદરહુ મેનેજમેન્ટની અપીલ માન્ય રાખી છે, અને **<u>સદરહુ અપીલનો નિકાલ કર્યો છે. તેની નોંધ લેવા બાબત</u>**.

**(લીગલ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની નોંધ લેવી.

(૬૩) સિન્ડિકેટ તા.૧૪–૮–૨૦૦૩ની સભાના ઠરાવ ક્રમાંક–(૧૯) હેઠળ યુનિવર્સિટીના આંકડાશાસ્ત્રનાં અનુસ્નાતાક વિભાગના પ્રોફેસર એન્ડ હેડ ડો.એસ.એસ.શર્માની તા.૧–૧૦–૨૦૦૩ થી તા.૩૦–૧૦–૨૦૦૪ દરમ્યાનની મંજૂર કરવામાં આવેલ અર્ધપગારી રજાના સંદર્ભમાં તેમની ગેરહાજરી દરમ્યાન સ્ટેચ્યુટ–૨૯૩, અંતર્ગત કરવામાં આવેલ જોગવાઈ સંદર્ભમાં તે વિભાગના પ્રોફેસર ડો.પી.સી.ગુપ્તાને આંકડાશાસ્ત્ર વિભાગના ઈ.ચા.હેડ તરીકે નિમવાનાં **<u>કુલપતિશ્રીનાં પગલાની નોંધ લેવા બાબત.</u>** **(જનરલ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, કુલપતિશ્રીના ઉપરોકત પગલાંની નોંધ લેવી.

(૬૪) યુ.જી.સી.ની દસમી યોજના અંતર્ગત પી.જી.ડિપ્લોમાં ઈન જર્નાલીઝમ અને પી.જી.ડિપ્લોમાં ઈન માસ કોમ્યુનિકેશનની ટેલિવિઝન સ્ટુડિયોની સ્થાપના અંગેની દરખાસ્ત આ સાથે સામેલ છે. તે મંજુર કરવા બાબત. **(જર્નાલીઝમ)**

:: યુ.જી.સી.ની દસમી યોજના અંતર્ગત પી.જી.ડિપ્લોમાં ઈન જર્નાલીઝમ અને પી.જી.ડિપ્લોમાં ઈન માસ કોમ્યુનિકેશનની ટેલિવિઝન સ્ટુડિયો સ્થાપવા અંગે મળનાર અનુદાન મુજબ ખર્ચ કરવો. પ્રસ્તુત કામ માટે વધારાના ખર્ચ અંગે વિભાગે વ્યવસ્થા કરવાની રહેશે.

(૬૫) સિન્ડિકેટ તા.૨૮–૧–૨૦૦૩ ઠરાવ : નં.૩૮ મુજબ બાયોસાયન્સ વિભાગ માટે રેઈટ કોન્ટ્રાકટથી કેમીકલ્સ, વૈજ્ઞાનિક સાધન સામગ્રી, છ પાર્ટી પાસેથી ખરીદવા. સને ૨૦૦૨–૨૦૦૩ (જુન) સુધી

ખરીદવા મંજૂરી આપવામાં આવી હતી. પ્રસ્તુત મંજૂરી સન ૨૦૦૩–૨૦૦૪ (જુન) સુધી રીન્યુ કરવા વિચારણા કરવા બાબત. **(બાયોસાયન્સ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટના તા. ૨૮–૧–૨૦૦૩ ઠરાવ : નં.૩૮ મુજબ બાયોસાયન્સ વિભાગ માટે રેઈટ કોન્ટ્રાકટથી કેમીકલ્સ, વૈજ્ઞાનિક સાધન સામગ્રી, ૬(છ) પાર્ટી પાસેથી ખરીદવા. સને ૨૦૦૨–૨૦૦૩ (જુન) સુધી ખરીદવા મંજૂરી આપવામાં આવી હતી. પ્રસ્તુત મંજૂરી સન ૨૦૦૩–૨૦૦૪ (જુન) સુધી રીન્યુ કરવી.

યુનિવર્સિટી કાર્યાલય
સુરત. તા. ૧૪–૧૦ –૨૦૦૩ ઈ.ચા.કુલસચિવ

ક્રમાંક : એસ–૧(૧)/૯૧૫૬ તા. ૧૪–૧૦–૨૦૦૩
પ્રતિ,
સિન્ડિકેટ ના સર્વે સભ્યશ્રીઓ............